પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૪૯ • કુલ પાના : ૪ • તારીખ : ૧૮-૧૦-૨૦૨૩ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## હવે નવરાત્રિમાં રાત્રે ૧૨ વાગ્યા બાદ પણ ચાલશે ગરબાની રમઝટ, પોલીસ ગરબા બંધ કરાવવા નહીં આવે

### ગૃહ રાજ્યમંત્રીએ તમામ જિલ્લા પોલીસ વડા સાથે વીડિયો કોન્ફરન્સ કરીને આ સૂચના આપી છે

ગાંધીનગર,

અત્યાર સુધી એવુ હતુ કે, રાતે ૧૨ વાગ્યા સુધી જ ગરબા રમી શકાતા હતા. રાતે ૧૨ વાગ્યા બાદ પોલીસ ગરબા બંધ કરાવવા આવી જતી હતી, પરંતુ આ નવરાત્રિએ આવુ નહિ બને. કારણ કે, ગુજરાત સરકારે આ અંગે મોટો નિર્ણય લીધો છે. હવે રાતે ૧૨ વાગ્યા બાદ પોલીસ ગરબા બંધ કરાવવા નહિ આવે. સરકારના આ નિર્ણયથી હવે મોડી રાત સુધી ગરબાનો રંગ જામશે. હવેથી રાતે ૧૨ વાગ્યે ગરબા બંધ નહિ થાય. સરકાર દ્વારા લીલી ઝંડી અપાઈ ગઈ કે, હવે ગમે તેટલા વાગ્યા સુધી ગરબા કરો.

સરકારના આ નિર્ણયથી હવે નવરાત્રિનો જૂનો સમય પાછો આવશે. એક સમયે સવારે ૪-૪ વાગ્યા સુધી ગરબાની રમઝટ જામતી હતી. સોસાયટીઓમાં યુવક-યુવતીઓ બિન્દાસ્ત ગરબા માણતા હતા. પરંતુ સમયાંતરે સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગરબાના સમય પર નિયંત્રણ મૂકવામાં આવ્યો હતો. રાતે ૧૨ વાગ્યા સુધી જ ગરબા કરી શકાશે તેવો નિયમ લાગુ કરાયો હતો. પરંતુ હવે સરકારે જ છૂટછાટ આપી છે. ગૃહ રાજ્યમંત્રીએ આ સૂચના આપી દીધી છે. ગુજરાતની જનતા સારી રીતે નવરાત્રિ માણી શકે તે માટે આ નિર્ણય લેવાયો છે. તમામ પોલીસ અધિકારીઓને સૂચના આપી દેવાઈ છે કે, ૧૨ વાગ્યા પછી ગરબા બંધ કરાવવા ન જવા. આમ, ગુજરાતમાં લાંબા સમય બાદ ખેલૈયાઓ મન મૂકીને ગરબા કરી શકશે. નવરાત્રિના ત્રીજા નોરતે આ નિર્ણય લેવાયો છે, ત્યારે હવે છેક દશેરા સુધી ખેલૈયાઓ છૂટછાટથી



ગરબા કરી શકશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પોલીસ વિભાગને મૌખિક આદેશ આપ્યો છે. પોલીસ હવેથી રાત્રે બાર વાગ્યા બાદ ગરબા બંધ કરાવવા નહીં આવે. જેથી ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબાનો આનંદ માણી શકશે. બીજી તરફ ગરબા આયોજકોએ પણ ગૃહરાજ્યમંત્રીના નિર્ણયને આવકાર્યો છે.

દરમિયાન નવરાત્રિનો મહોત્સવ ચાલી રહ્યો છે. ત્યારે અમદાવાદ પોલીસના જવાનો ખડેપગે ફરજ બજાવશે. નવરાત્રિમાં ટ્રાફિક જામ ન થાય તે માટે અમદાવાદ ટ્રાફિક પોલીસે માસ્ટર પ્લાન બનાવ્યો છે. જે મુજબ સમગ્ર અમદાવાદમાં સુરક્ષા સંચાલન થશે. અમદાવાદ વેસ્ટ ટ્રાફિક ડીસીપી નીતા દેસાઈએ પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી.

૨૪ ઓક્ટોબર સુધી ટ્રાફિક પોલીસ દ્વારા ૧૨ વાગ્યા સુધી શિફ્ટ વાઈસ જવાનો ૧૫૦૦ રહેશે. તે સિવાય ૬૦૦ વધારાના જેથી કુલ ૨૧૦૦ જેટલા જવાનો અમદાવાદ શહેરમાં રાત્રે ડ્યુટી પર રહેશે. જેમાં ટીઆરબી ટ્રાફિક પોલીસ અને હોમ ગાર્ડ તૈનાત રહેશે. ઓવર સ્પીડિંગ રોકવા ૩૯ સ્પીડ ગનથી લોકો પર નજર રાખવામાં આવશે. ડ્રીંક એન્ડ ડ્રાઈવ પર ખાસ નજર રહેશે. બે દિવસમાં આટલા કોઈ કેસ સામે નહિ આવ્યા. પોલીસના સીસીટીવીથી કંટ્રોલ રૂમથી નજર રખાઈ રહી છે. ડીપીસી નીતા દેસાઈએ કહ્યું કે, અમારી લોકોને વિનંતી થે કે કોઈ ઘટના સામે દેખાય તો તાત્કાલિક કંટ્રોલ રૂમને જાણ કરે. રાતના સમયે તમામ નિયમોનું પાલન કરે. વાહનને સ્પીડ લિમિટમાં ચલાવે. ૧૫૦ જેટલા બ્રિથ એનેલાઈસેર ટ્રાફિક પોલીસને રાત્રે ડ્રીંક એન્ડ ડ્રાઈવ ઝુંબેશ માટે આપવામાં આવ્યા છે. રોમિયો પર ટ્રાફિક પોલીસ, શી ટીમ અને લોકલ પોલીસ નજર રાખશે. ૧૧૩ જેટલા પોઈન્ટ/જંકશન પર વધુ ફોર્સ તૈનાત કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે, ટ્રાફિકમાં અમે ૧૫૦૦ તો ૧૨:૦૦ વાગ્યા સુધી એમની શિફ્ટની નોકરીવાળા ટ્રાફિકના જવાનો ટીઆરપી અને હોમગાર્ડ હશે. પ્લસ અમે સ્પેશિયલ બારેક વાગ્યા સુધીના બીજા ૬૦૦ જવાનો પણ ઉમેર્યા છે. એટલે કે ૨૧૦૦ ની જે ફોર્સ છે, ટ્રાફિકની ટ્રાફિક પોલીસ ટ્રાફિકના ટીઆરબી અને હોમગાર્ડ આ ૨૧૦૦ જેટલા જવાનો ટ્રાફિકની કામગીરી કરશે. આ જે ટ્રાફિકની કામગીરી રાત્રે કરવાના છે તો અહીંયા અમારી ઓફિસ તરફથી એટલે કે અમારે આ સીપી ઓફિસ તરફથી પણ સૂચના છે કે એમને એમના ટ્રાફિકમાં જે પહેરવામાં આવે છે, એ રેડીએશન વાળા જેકેટ અને લાઈટ બેટન સાથે રહી અને ડ્યુટી કરવાની છે.

તદુપરાંત ટ્રાફિક મેનેજમેન્ટ ઉપરાંત એક રાત્રિના સમયે સ્ટંટ કરતાં લોકો અથવા તો ઓવર સ્પીડિંગ કરતા લોકોને પણ ઝબ્બે કરવા માટે અમારી ટીમ સજ્જ રહેશે. અમે સ્પેશિયલ સ્પીડ ગન સાથે પણ ત્યાં ડ્યુટીમાં રાખવાના છીએ અને ૩૦ સ્પીડ ગન એટલે કે ૩૯ સ્પીડ બંધ છે એ ઓવર સ્પીડિંગ વાળા લોકો ઉપર ધ્યાન રાખવામાં આવશે. કોઈ ડ્રમ કે ડ્રાઈવ કરનાર લાગે તો એના માટે બ્રેક એનેલાઈઝર જે આપ્યું છે, એના દ્વારા પણ ચેકિંગ કરવામાં આવશે અને જો આ પ્રકારનું એમને લાગશે તો એની ઉપર ક્વીક એક્શન લઈ અને કેસ કરવામાં આવશે.

## OCI કાર્ડધારક MBBSની સરકારી સીટ પર એડમિશન મેળવવા હક્કદાર નહી : હાઈકોર્ટ

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે સોમવારે મેડિકલ સ્ટુડન્ટ દ્વારા ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) કાર્ડ ધરાવતા મેડિકલ કોર્સમાં જનરલ કેટેગરીમાં પ્રવેશ માટે કરેલી અપીલને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે એ નિરીક્ષણ સાથે અપીલનો નિકાલ કર્યો હતો કે આસીઆઇ ને ભારતના નાગરિક સાથે સરખાવી શકાય નહીં.



આ કેસમાં બ્રિટિશ પાસપોર્ટ ધારક વત્સ શાહ સામેલ છે. ૨૦૧૯માં, તે એમબીબીએસ કોર્સમાં પ્રવેશ ઈચ્છતો હતો, પરંતુ વ્યાવસાયિક અંડરગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન કોર્સ માટે પ્રવેશ સમિતિએ તેને પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટના નિર્દેશ પર, વિદ્યાર્થીએ એનઆરઆઈ (બિન-નિવાસી ભારતીય) ક્વોટા હેઠળ પ્રવેશ માટે અરજી કરી અને તેને પ્રવેશ આપવામાં આવ્યો અને તે હવે તેનો અભ્યાસ પૂર્ણ કરવાનો છે. આ કેસમાં પેન્ડિંગ મુદ્દો ઓસીઆઈને જનરલ કેટેગરીમાં દાખલ કરી શકાય કે કેમ તે પૂરતો મર્યાદિત હતો.

વિદ્યાર્થીએ દલીલ કરી હતી કે ૨૦૧૭ માં બહાર પાડવામાં આવેલ સરકારી નોટિફિકેશનમાં ઓસીઆઈ કાર્ડ ધારકોને એનઆરઆઈ સાથે સમાન રીતે ગણવામાં આવે છે જ્યાં સુધી શિક્ષણની બાબતો સંબંધિત છે, અને આ રીતે ઓસીઆઈ કાર્ડ ધારક સામાન્ય શ્રેણીમાં પ્રવેશ મેળવવા માટે હકદાર હતો. રાજ્ય સરકારે આનો વાંધો ઉઠાવ્યો અને રજૂઆત કરી કે નિયમો પાછળથી બદલાયા છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આસીઆઈ અથવા એનઆરઆઈ સરકારી બેઠક પર પ્રવેશ મેળવી શકતા નથી. અરજીને ફગાવી દેતી વખતે, ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલની આગેવાની હેઠળની બેન્ચે ટિપ્પણી કરી હતી કે જે ડોકટરો ભારતમાં રહે છે તેમને રાજ્ય સરકાર ચૂકવણી કરે છે, અને જે ડોકટરો ભારતીય નાગરિક નથી અને જેઓ જઈ રહ્યા નથી તેમના પર સરકાર પાસે ખર્ચ કરવાનું કોઈ કારણ નથી. આ દેશમાં કામ કરો. હાઈકોર્ટે કહ્યું કે સરકારી એમબીબીએસ સીટ પર એડમિશન માટે ભારતનું નાગરિક હોવું એ પ્રાથમિક શરત છે. કોર્ટે એમ પણ કહ્યું કે એક ઓસીઆઈ જે એનઆરઆઈ તરીકે લાભ મેળવવા માટે હકદાર છે, તે ભારતીય નાગરિકો સાથે સમાનતાનો દાવો કરી શકે નહીં.

## નાણા મંત્રાલયે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને મંજૂરી આપી, હવે તેને કેબિનેટમાં મંજૂરી આપવામાં આવશે

નવીદિલ્હી,

નાણા મંત્રાલયની મંજૂરી બાદ હવે ડીએની ફાઈલ કેન્દ્રીય કેબિનેટ પાસે પહોંચી છે. સરકારી સૂત્રોનું કહેવું છે કે કેબિનેટની બેઠકના એજન્ડામાં સમાવિષ્ટ ફાઈલને હવે ગમે ત્યારે મંજૂરી મળી શકે છે. બુધવારે મળનારી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મોંઘવારી ભથ્થાને મંજૂરી મળે તેવી શક્યતા છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને ૪ ટકા મોંઘવારી ભથ્થું/મોંઘવારી રાહત મેળવવાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે.

સૂત્રોનું કહેવું છે કે દિવાળી પહેલા કર્મચારીઓ અને પેન્શનરોને તેમના ઓક્ટોબરના પગારમાં ડીએ/ડીઆરના દરમાં વધારાની અસર જોવા મળશે. ગયા વર્ષે, કેન્દ્રીય કેબિનેટે ૨૮ સપ્ટેમ્બરે ડીએ દરોમાં ચાર ટકા વધારાની જાહેરાત કરી હતી. ગયા વર્ષે ૨૪મી ઓક્ટોબરે દિવાળી હોવાથી સરકારે સપ્ટેમ્બરના છેલ્લા સપ્તાહમાં ડીએ/ડીઆરની જાહેરાત કરી હતી. આ વખતે દશેરા ૨૪મી ઓક્ટોબરે છે અને દિવાળી ૧૨મી નવેમ્બરે છે. આવી સ્થિતિમાં કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને ગમે ત્યારે મંજૂરી મળી શકે છે.

લગભગ એક કરોડ કર્મચારીઓ અને પેન્શનરોને ૧લી જુલાઈથી ૪ ટકા ડીએ વધારાની ભેટ મળશે. તાજેતરમાં, નેશનલ કાઉન્સિલ સ્ટાફ સાઈડ મીટિંગમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ઓલ ઈન્ડિયા ડિફેન્સ એમ્પ્લોઈઝ ફેડરેશનના જનરલ સેક્રેટરી સી. શ્રીકુમારના જણાવ્યા અનુસાર, આ વખતે કર્મચારીઓનો **DA 46** ટકા હશે. કેન્દ્ર સરકાર ડીએમાં ચાર ટકાનો વધારો કરશે.જાન્યુઆરી ૨૦૨૪ માં, જ્યારે ડીએમાં ચાર ટકાનો (સંભવિત) વધારો થશે અને મોંઘવારી ભથ્થું ૫૦% થશે, ત્યારે કેન્દ્ર સરકારે નવા પગાર પંચની જાહેરાત કરવી પડશે. કેન્દ્રીય કેબિનેટે ગયા વર્ષે ૨૮ સપ્ટેમ્બરે ડીએ દરોમાં ચાર ટકા વધારાની જાહેરાત કરી હતી.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને દિવાળી પહેલા મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતની ભેટ મળી હતી. તે ભથ્થું ૧ જુલાઈ, ૨૦૨૩ થી બહાર પાડવામાં આવ્યું હતું. તે સમયે ૩૪ ટકાના દરે મળતું મોંઘવારી ભથ્થું વધીને ૩૮ ટકા થઈ ગયું હતું. તે પછી, જાન્યુઆરી ૨૦૨૩ થી, ઉક્ત ભથ્થામાં ફરીથી ચાર ટકાનો વધારો કરવામાં આવ્યો. હાલમાં ૪૨ ટકાના દરે મોંઘવારી ભથ્થું આપવામાં આવી રહ્યું છે.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા જારી કરાયેલા આંકડા અનુસાર, જુલાઈ ૨૦૨૩માં શહેરી અને ગ્રામીણ વિસ્તારો સહિત ફુગાવાનો અખિલ ભારતીય ગ્રાહક ભાવ સૂચકાંક દર (કામચલાઉ) ૭.૪૪ રહ્યો છે. ટકા જૂન ૨૦૨૩ (અંતિમ) માં સંયુક્ત સીપીઆઈ દર ૪.૮૭ ટકા હતો. જુલાઈ ૨૦૨૨માં સમાન સંયુક્ત દર ૬.૭૧ ટકા હતો. જુલાઈ ૨૦૨૩માં કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સનો સંયુક્ત દર (કામચલાઉ) ૧૧.૫૧ ટકા હતો, જ્યારે જૂન ૨૦૨૩ (અંતિમ) માં સંયુક્ત સીએફપીઆઈ દર ૪.૫૫ ટકા હતો. જુલાઈ ૨૦૨૨ માં સંયુક્ત સીએફપીઆઈ દર ૬.૬૯ ટકા હતો.

## પીએમ કિસાન યોજનામાં ૧.૭૧ કરોડ-મનરેગામાં ૩૩ લાખ બોગસ લાભાર્થી પકડાયા

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારની પીએમ કિસાન સમ્માન નિધિ, મનરેગા, ખાતર સબસીડી જેવી અનેકવિધ કલ્યાણકારી યોજનાઓમાં મોટી સંખ્યામાં બોગસ લાભાર્થીઓ ઘુસી ગયા છે અને તેઓની ઓળખ કરીને ચાલુ વર્ષે રૂા.૧૮૦૦૦ કરોડની બચત થવાનો અંદાજ મુકયો છે.કેન્દ્ર સરકારના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં મોટી સંખ્યામાં બોગસ લાભાર્થીના ખાતા બ્લોક કરી જ દેવાયા છે. બોગસ અને ડુપ્લીકેટ લાભાર્થીઓની ઓળખ મેળવીને ચાલુ વર્ષે ૧૮૦૦૦ કરોડ બચાવી શકાશે.




પીએમ કિસાન સમ્માન નિધિમાં અત્યાર સુધીમાં ૧.૭૧ કરોડ બોગસ કે ડુપ્લીકેટ લાભાર્થીઓને હટાવવામાં આવ્યા છે. છેલ્લા છ મહિનાથી કેન્દ્ર તથા રાજયોની સરકારો લાભાર્થીઓના ડેટાબેઈઝની ચકાસણી કરતી હતી. બોગસ અને ડુપ્લીકેટ લાભાર્થી હટાવાય રહ્યા છે. યોગ્ય વ્યક્તિને જ સરકારી યોજનાઓના લાભ મળે તેવો આશય છે. ચાલુ નાણાકીય વર્ષમાં માત્ર પીએમ કિસાન યોજનામાં જ બોગસ લાભાર્થી હટાવાતા ૯૦૦૦ કરોડની બચત થવાનો અંદાજ છે.

પીએમ કિસાન યોજનામાં નાના ખેડુતોને ત્રણ હપ્તામાં વર્ષે રૂા.૬૦૦૦ની રોકડ સહાય આપવામાં આવે છે. કિસાનોના બેંક ખાતામાં જ નાણાં જમા થાય છે. ફેબ્રુઆરી ૨૦૧૯માં લોંચ થયા બાદ ૧૧.૫ કરોડ ખેડુતોને રૂા.૨.૪૦ લાખ કરોડ આપવામાં આવ્યા છે. ચાલુ નાણાવર્ષ માટે ૬૦૦૦૦ કરોડની બજેટ ફાળવણી છે.

આ ઉપરાંત સબસીડીયુક્ત ખાતર ઉદ્યોગોને વેચી દેવાની ગેરરીતિ વિશે પણ તપાસ માટે ખાસ સ્કવોડ રચવામાં આવી છે તેના દ્વારા ૩૦ કેસો પકડીને ૮૦૦૦૦ ખાતર બેગ જપ્ત કરવામાં આવી છે. કૌભાંડકારો સામે કાળાબજાર નિયંત્રણ ધારા હેઠળ ગુના દાખલ કરાયા છે. કેન્દ્ર સરકારે મોટી સબસીડી ચુકવીને ખેડુતોને રૂા.૨૬૬માં ખાતરની થેલી આપે છે તેમાં સબસીડીની રકમ ૨૫૦૦ રૂપિયા છે. ખાતર સબસીડી માટે ચાલુ વર્ષના બજેટમાં રૂા.૧.૭૫ લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે. જો કે, સબસીડી પેટેનું બીલ ૨.૨૫ લાખ કરોડ સુધી પહોંચી જાય તેમ છે.

મનરેગામાં કેન્દ્ર સરકારે ગત વર્ષે ૩૩ લાખ બોગસ કે ડુપ્લીકેટ જોબકાર્ડ પકડી પાડયા હતા અને તેમાં અંદાજીત ૪૦૦૦ કરોડની બચત થવાનો અંદાજ છે. મનરેગા માટે ચાલુ વર્ષે માત્ર ૬૦૦૦૦ કરોડની જ ફાળવણી કરવામાં આવી છે જે ગત વર્ષ કરતા ૧૮ ટકા ઓછી હતી.

## દિવાળી પહેલા લાગશે ૧૦ હજાર કર્મચારીઓને આંચકો, તેમને બરતરફ કરવાની તૈયારી

નવીદિલ્હી,

નાગરિક સંરક્ષણ સ્વયંસેવકો,જેઓ આ દિવસોમાં બાકી પગાર માટે રસ્તાઓ પર આંદોલન કરી રહ્યા છે, તેમને મોટો આંચકો લાગી શકે છે. આમાંથી ૧૦ હજારથી વધુ સીડીવી આ મહિનાના અંતમાં બરતરફ થઈ શકે છે. સીડીવીની નિમણૂકો પર વિપક્ષી રાજકીય પક્ષો દિલ્હી સરકાર પર સતત સવાલો ઉઠાવી રહ્યા છે. હવે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતે નિમણૂક પ્રક્રિયામાં રહેલી ખામીઓને ધ્યાનમાં રાખીને તેમને બરતરફ કરવાની ભલામણ કરી છે. આ સાથે, આ સ્વયંસેવકોને એપ્રિલથી પગાર ન મળવા પર નિરાશા વ્યક્ત કરીને, પગારમાં વિલંબ કરનારા અધિકારીઓ સામે કડક કાર્યવાહીની ભલામણ પણ કરી છે. જો કે, દિલ્હી સરકારે આવી ભલામણ કરવાનો ઈનકાર કર્યો છે.

હવે તેઓ તહેવારો વચ્ચે તેમની નોકરી ગુમાવી શકે છે. કાયદા દ્વારા, સીડીવીનો પ્રાથમિક હેતુ આપત્તિ દરમિયાન કટોકટીની સેવાઓને ટેકો આપવાનો છે, પરંતુ તે ઘણી જગ્યાએ તૈનાત કરવામાં આવ્યા હતા જ્યાં તેઓ જમાવટ માટે યોગ્ય ન હતા.તેમાં મહેસૂલ વિભાગની સબ-રજિસ્ટ્રાર કચેરીઓ, ડીટીસી બસોમાં માર્શલ અને રેડ લાઈટ ઓન, ગાડી બંધ જેવી ઝુંબેશનો સમાવેશ થાય છે.૧૦,૭૦૦ માંથી ૮,૫૦૦ CDV ને પરિવહન વિભાગ દ્વારા બસોમાં માર્શલ તરીકે તૈનાત કરવામાં આવ્યા હતા.સીડીવીના પગાર પાછળ વાર્ષિક રૂ. ૪૦૦ કરોડનો ખર્ચ થતો હતો. તેમાંથી ૨૮૦ કરોડ રૂપિયા બસ માર્શલના પગાર પર ચૂકવવામાં આવી રહ્યા છે.

તેમની ભલામણમાં, મુખ્યમંત્રીએ કહ્યું છે કે જ્યાં સુધી સીડીવી કેસમાં યોગ્ય કાનૂની સ્થિતિ નક્કી ન થાય ત્યાં સુધી નાગરિક સંરક્ષણ સ્વયંસેવકોને ઓક્ટોબરના અંતમાં બરતરફ કરી શકાય છે. જો કે, તેની સાથે મુખ્યમંત્રીએ કહ્યું છે કે આ સ્વયંસેવકો ગરીબ પરિવારમાંથી આવે છે અને તેમને પૈસાની જરૂર છે, તેથી તેઓ હંગામી નોકરી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આ સ્વયંસેવકોનો પગાર અટકાવનાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની પણ ભલામણ કરી છે.

## સત્તાધારી પક્ષે સૈનિકોની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવીને સેનાની ગરિમાને ઠેસ પહોંચાડી છે : ખડગે



નવીદિલ્હી,

કોંગ્રેસે સરકાર પર ચૂંટણી માટે સેનાનો રાજકીય ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો કે સત્તાધારી પક્ષે સૈનિકોની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવીને સેનાની ગરિમાને ઠેસ પહોંચાડી છે.

તેમણે દાવો કર્યો કે નરેન્દ્ર મોદી સરકારે સેનાને દેશભરમાં સેલ્ફી પોઈન્ટ સ્થાપિત કરવા કહ્યું છે, જ્યાં જવાનોની બહાદુરીને બદલે તેની યોજનાઓનો પ્રચાર કરવામાં આવશે.

ખડગેએ કહ્યું, 'દેશની રક્ષા કરનારા ભારતીય સેનાના બહાદુર જવાનોની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવીને પીએમ મોદી પોતાને પ્રમોટ કરી રહ્યા છે. ચૂંટણી માટે સેનાનો રાજકીય ઉપયોગ કરીને મોદી સરકારે એવું કામ કર્યું છે જે છેલ્લા ૭૫ વર્ષમાં ક્યારેય થયું નથી.

નોંધનીય છે કે મોદી સરકારે સરકારી યોજનાઓને પ્રમોટ કરવા માટે સેનાને દેશભરમાં ૮૨૨ સેલ્ફી પોઈન્ટ બનાવવાનું કહ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષે આરોપ લગાવ્યો કે સૈનિકોની બહાદુરીની ગાથાને બદલે સેલ્ફી પોઈન્ટ પર વડાપ્રધાન મોદીની તસવીરો લગાવવામાં આવી હતી અને તેમની યોજનાઓના વખાણ થઈ રહ્યા હતા.

કોંગ્રેસ નેતાએ કહ્યું, 'અમારી પાર્ટીને ભારતીય સેનાની બહાદુરી અને બલિદાન પર ખૂબ ગર્વ છે. રાષ્ટ્રવાદનો પાઠ ભણાવનાર ભાજપે ભારતીય સેનાની ગરિમાને ઠેસ પહોંચાડી છે.

## ચંદ્રયાન બાદ હવે ભારત ચંદ્ર પર માનવો ઉતારશે, મોદીએ સ્પેસ વિભાગને આદેશ આપ્યો

નવીદિલ્હી,

ચંદ્ર પર ચંદ્રયાન ઉતાર્યા બાદ હવે ભારત ચંદ્ર પર માનવોના ઉતરાણનો પ્લાન બનાવી રહ્યો છે અને તેને માટેની ડેડલાઈન પણ આવી ગઈ છે. ચંદ્રના સાઉથ પોલ પર પહેલી વાર અવકાશયાન ઉતારીને તથા સૂર્ય માટેના આદિત્ય મિશનને લોન્ચ કર્યા બાદ ભારતને સ્પેશમાં વધારે પગપેસારો કરવાનો નિર્ણય કર્યો છે અને હવે ભારત સ્પેસની દિશામાં એક મોટું કામ કરવા જઈ રહ્યું છે. સરકારે મંગળવારે એવું જણાવ્યું કે ભારતે ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર અવકાશયાત્રી મોકલવાનું લક્ષ્ય રાખ્યું છે કારણ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અવકાશ વિભાગને સૂચનાઓ જારી કરી હતી જેમાં ૨૦૩૫ સુધીમાં સ્પેસ સ્ટેશનની યોજના શામેલ છે. સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "વડા પ્રધાને નિર્દેશ આપ્યો હતો કે ભારતે હવે નવા અને મહત્વાકાંક્ષી લક્ષ્યો માટે લક્ષ્ય રાખવું જોઈએ, જેમાં ૨૦૩૫ સુધીમાં 'ભારતીય અંતરીક્ષા સ્ટેશન' (ભારતીય અવકાશ મથક) ની સ્થાપના અને ૨૦૪૦ સુધીમાં પ્રથમ ભારતીયને ચંદ્ર પર મોકલવાનો સમાવેશ થાય છે. પીએમ મોદીએ વૈજ્ઞાનિકોને શુક્ર અને મંગળના મિશન પર ચંદ્ર પર માનવ મોકલવા અને સ્પેસ સ્ટેશન ઊભુંકરવાના વિઝનને સાકાર કરવા અંતરિક્ષ વિભાગ ચંદ્રના સંશોધન માટે એક રોડમેપ તૈયાર કરશે. ભારતની અવકાશ મહત્ત્વાકાંક્ષાઓને ત્યારે વેગ મળ્યો જ્યારે તેએ ઓગસ્ટમાં ચંદ્રના વણશોધાયેલા દક્ષિણ ધ્રુવ નજીક અવકાશયાન ઉતારનાર પ્રથમ દેશ બન્યો. ભારતે જે સમયે ચંદ્રયાન ઉતાર્યું હતું તે જ સમયે રશિયાનું ચંદ્ર માટેનું લૂના મિશન પણ ફેલ ગયું હતું.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૧ ઓક્ટોબરે ગુજરાતની વધુ એક મુલાકાતે આવશે

ગાંધીનગર,

૩૧ ઓક્ટોબર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે સરકારે જાહેર કરી છે. આ ૩૧ ઓક્ટોબરે કેવડિયા એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન કરવામાં આવે છે.

સતત ૨૦૧૮ થી અહીંયા ૩૧ ઓક્ટોબરે એકતા પરેડ થાય છે. જે આ વર્ષે પણ થનાર છે. રાષ્ટ્રીય એકતા પરેડની મહત્વની જવાબદારી સોંપવામાં આવેલ એવા કેટલાક આધિકારીઓએ તો કેવડિયામાં ધામા નાખી દીધા છે. આ વર્ષે ભવ્યતિ ભવ્ય ઉજવણી થનાર હોય, તેની તૈયારીઓ આરંભી દીધી છે. તાજેતરમાં બીએસએફના ડિજી સહિત ઉચ્ચ અધિકારીઓ અહીંયા એક વાર આવી ચુક્યા છે. નવા આકર્ષણમાં આ વર્ષે પણ નવું સ્નેક હાઉસ, અનેક મ્યુઝિયમો બનાવવામાં આવ્યા છે. વિઝીટર સેન્ટર, પબ્લિક સાયકલીગ શેરિંગ, ઈ-બસ, ઓથોરાઈઝડ ગાઈડ સર્વિસ, ફેમિલી બોટ -એસઓયુ ટૂ નર્મદા ડેમ, સ્પીડ બોટ એસબીબી ટુ એસઓયુ ૧૦૦ બેડની ટ્રોમાં હોસ્પિટલ ભૂમિપૂજન ઓપન જંગલ સફારી ( કેનાલ ૦ પોઈન્ટ પાસે ) આ બાબતોનું વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના ગુજરાત સરકારના બજેટમાં પણ જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે આવા મોટા કરોડોના આકર્ષણોના લોકાર્પણ અને ભૂમિપૂજન આગામી ૩૧ ઓક્ટોબર પછી પ્રવાસીઓ ને મળશે.

## મારૂતિ ગુજરાતના પ્લાન્ટ માટે સુઝુકીને ૧૨૮૪૧ કરોડ ચૂકવશે

મુંબઈ,

ભારતની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારૂતિ ગુજરાતનો પ્લાન્ટ ખરીદવા માટે જાપાની કંપની સુઝુકીને રૂા. ૧૨૮૪૧ કરોડ રૂપિયા ચુકવશે. વેંચાણની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી કાર કંપની મારૂતિ દ્વારા પ્રથમ વખત ગુજરાતના પ્લાન્ટની કિંમત જાહેર કરવામાં આવી છે.અગાઉ કંપનીએ એમ કહ્યું હતું કે જાપાની ઓટોમેકર સુઝુકી પાસેથી તે ગુજરાતનો પ્લાન્ટ ખરીદશે પરંતુ તેની કિંમત જાહેર કરવામાં આવી ન હતી.

ગુજરાતના પ્લાન્ટની ૧૨૮૪૧ કરોડમાં ખરીદી કરવા પેટે કંપની દ્વારા રૂા.૧૦૪૨૦.૮૫ કરોડની કિંમતના ૧.૨૩ કરોડ પ્રેફરન્સ શેર ઈસ્યુ કરવામાં આવશે. સોમવારના કંપનીના શેરના બંધ ભાવ કરતા આ મૂલ્ય ૨.૭ ટકા ઓછું છે. આ પ્રેફરન્શીયલ શેરને પગલે સુઝુકીનો મારૂતિમાં હિસ્સો ૫૮.૧૯ ટકા થશે. જે હાલ ૫૬.૪૮ ટકા છે. સુઝુકીએ ૨૦૧૪થી ગુજરાતના પ્લાન્ટમાં ૧૮૦૦૦ કરોડનું રોકાણ કર્યુ હતું.

આ પ્લાન્ટમાં મારૂતિની કારનું ઉત્પાદન થાય છે. ૨૦૧૭માં આ પ્લાન્ટ કાર્યરત થયો હતો જેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૭૫૦૦૦૦ યુનિટની છે.

### જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**

અરજદાર :- ખાંટ મનસુખભાઈ નાથાભાઈ, રહે.ગ.બા.ના મુવાડા, તા.શહેરા, જી.પંચમહાલ

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, ગ.બા.ના મુવાડા, તા.શહેરા, જી.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના પુત્રી નામે **ખાંટ મંજુલાબેન મનસુખભાઈનું** તા.૦૧/૦૫/૧૯૮૧ ના રોજ મોજે.ગ.બા.ના મુવાડા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ, જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૧૯૪/૨૦૨૩ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા.૧૩, માહે:- ઓકટોબર, સને ૨૦૨૩ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, શહેરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

### બોગસ તબીબ ઝડપાયો

# ડીગ્રી વગર એલોપેથીક દવા ઈન્જેકશન આપી બીમાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા બોગસ ડોક્ટરને મહીસાગર SOGએ ઝડપી પાડ્યો



જનતાના સ્વાસ્થ સાથે ચેડા કરતા હોય તેવા ઈસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ ઉચ્ચ અધિકારી દ્વારા સુચના આપતા મહીસાગર એસ.ઓ.જી. પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી તાપસ હાથ ધરવામાં આવી હતી. જે

સંતરામપુર,
મહીસાગર જીલ્લાના સંતરામપુર પોલીસ સ્ટેશનના અંતરીયાળ વિસ્તારમાં ડીગ્રી વગર ગેરકાયદેસર રીતે એલોપેથીક દવાઓ ઈન્જેકશન આપી બીમાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા બોગસ ડોક્ટરને આજે મહીસાગર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ શાખા દ્વારા ગેરકાયદેસર રીતે રાખેલ એલોપેથીક દવાઓ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે.

મહીસાગર જીલ્લામાં માન્યતા પ્રાપ્ત ડીગ્રી વગરના ગેરકાયદેસર રીતે તબીબી પ્રેકટીસ કરી એલોપેથીક દવાઓ આપી દરમ્યાન એસ.ઓ.જી. I/C પી.આઈ. એમ.કે.ખાંટને બાતમી મળી હતી કે, સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તારના સીમલીયા ગામના ઘાટીયા ફળીયામાં પ્રાથમીક શાળાની પાછળ મુળ પશ્ચિમ બંગાળનો ઈસમ પ્રશાંત કનૈયાલાલ રાય, હાલ રહેવાસી, ગામ સીમલીયા, સંતરામપુર નો જે કોઈપણ જાતના મેડીકલ ડીગ્રી કે, સર્ટીફીકેટ વગર ડોક્ટર તરીકેનુ રૂપધારણ કરી અને બીમાર લોકોને તપાસી એલોપોથીક દવા તથા ઈંજેકશન આપી બીમાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો હોવાની બાતમી આધારે એસ.ઓ.જી. સ્ટાફના માણસોને સુચના કરતા સ્ટાફના માણસોએ મેડીકલ ઓફીસર તથા ફાર્માસીસ્ટને સાથે રાખી બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા આ બોગસ તબીબને ગેરકાયદેસર રીતે રાખેલ એલોપેથીક દવાઓ અંદાજીત રૂપિયા-૪૫૧૫૩ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે સંતરામપુર પોલીસ સ્ટેશન સોંપવામાં આવ્યો છે. આગાઉ પણ પોલીસ દ્વારા ડીગ્રી વગરના બોગસ ડોકટરોને દવાઓ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# શિક્ષણ મંત્રી પોતાના વતન સંતરામપુરના ભંડારા ગામે માતાજીની આરાધના કરી ગરબે ઘૂમ્યા



સંતરામપુર,
વિશ્વનું કલ્યાણ કરનારી માઁ ભગવતી આદ્યશક્તિની ભક્તિ આરાધના કરવાનો પાવન પર્વ એટલે નવલી નવરાત્રી. નવરાત્રીમાં આનંદ ઉલ્લાસ ભેર ગરબે રમીને માતાજીની ભક્તિ કરવામાં આવે છે. હાલ સમગ્ર રાજ્ય દેશ અને વિશ્વના દેશોમાં નવરાત્રી યોજાઈ રહી છે અને ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘૂમી રહ્યા છે, ત્યારે પોતાની આગવી શૈલી થી જાણીતા રાજ્યના શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર પોતાના વતન ખાતે પરિવાર સાથે પહોચી માતાજીની ભક્તિ આરાધના કરી ગરબા રમ્યા હતા.

રાજ્યના શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર પોતાના ગામ મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ભંડારા ખાતે આયોજીત નવરાત્રીમાં અંબે માતાજીના દર્શન કરવા માટે પરિવાર સાથે પહોચ્યા હતા. જ્યાં ભંડારા ગામે ગામખેડા યુવક મંડળ દ્વારા આયોજીત નવરાત્રી મોહોત્સવ સ્થળ પહોચ્યા હતા. ત્યાં તેઓએ તેમના ધર્મપત્ની સાથે માતાજીની આરતીનો લ્હાવો લીધો હતો અને વડીલો સાથે માતાજીની પૂજા અર્ચના કરી હતી. ત્યાર બાદ ગામના સરપંચ, કાર્યકરો, વડીલો, માતા બહેનો અને બાળકો સાથે ગરબે ઘૂમ્યા હતા. કુબેરભાઈ પોતાની આગવી શૈલી થી જાણીતા છે, તેઓ અવાર નવાર સામાજીક પ્રસંગોમાં જતા હોય છે. જ્યાં પરંપરાગત આદિવાસી નૃત્ય કરતા હોય છે. ઉપરાંત હોળી ધુળેટી જેવા તહેવારો પર ગામ લોકો વડીલ સાથે આદિવાસી પોશાકમાં સજ્જ થઈ જાતે ઢોલ નગારા વગાડતા હોય છે અને તહેવારની અનોખી રીતે ઉજવણી કરતા હોય છે. ત્યારે આજે નવરાત્રિના બીજા નોરતે તેઓ પોતાના વતન ભંડારા ગામે માતાજીની ભક્તિ આરાધના કરી સૌ ગામ લોકો સાથે મળી ગરબા રમ્યા હતા. સાથે જ નવરાત્રીની શુભેચ્છા પાઠવી હતી.

## નગરપાલિકા ટાઉન હોલ ખાતે તાલુકા વિકાસ અધિકારીના વિદાય સન્માન સમારંભ યોજાયો



સંતરામપુર,
સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા વિકાસ અધિકારી તરીકે છેલ્લા ત્રણ વર્ષથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહેલા ટીડીઓ સત્યમ ભરવાડ ડેપ્યુટી ડીડીઓ તરીકે ભાવનગર ખાતે તેમની પોસ્ટિંગ કરવામાં આવી. ત્યારે સંતરામપુરમાં ટીડીઓ તરીકે ફરજ બજાવતા તેમનું આજે વિદાય સમારંભનો કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. જેમાં તાલુકા પંચાયત કચેરીના અલગ અલગ શાખાનામાં નરેગા પંચાયત શાખા આઈઆરડી આંગણવાડી તલાટી કમ મંત્રી સરપંચો તમામો આજે સાલ ઉડાડીને તેનો વિદાય સમારંભ કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. આ કાર્યક્રમમાં પોલીસ વિભાગના પીઆઇ કે.કે. ડીંડોર નગરપાલિકાના ચીફ ઓફિસર દિપસિંહ હઠીલા કડાણા, ખાનપુર, લુણાવાડા તમામ તાલુકાના અને વન વિભાગના અધિકારી આરએફઓ ઈશ્વરભાઈ તાવિયાડ, અર્પિતભાઈ બારીયા તમામ કર્મચારી પદઅધિકારી, અધિકારી ભાવોભાવ વિદાય આપી હતી.

## બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા મહીસાગર જીલ્લામાં મહિલાઓ માટે કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમ યોજાયો



મહિસાગર,
બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજીત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, (આર-સેટી) મહીસાગર દ્વારા ખાનપુર તાલુકાના લિબડીયા ગામે સખી મંડળની ૩૧ બહેનોને આત્મનિર્ભર થવા માટે મિણબત્તી બનાવવાની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવી.

આ કાર્યક્રમમા સંસ્થાના નિયામક વિશાલ અગ્રવાલ, અને તાલુકામાથી કલસ્ટર કો-ઓર્ડિનેટર કલ્પનાબેન અને સંસ્થાના ફેકલ્ટી નૈમેષભાઇ તાલીમનુ ઉદ્ઘાટન કરીને પોતાના પગ પર ઉભારહીને આત્મનિરભર કઇ રીતે બને એ માટે વિશેષ માર્ગદર્શન પૂરૂં પાડીને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.

ભવિષ્યમાં મહીસાગર જીલ્લાના ૧૮ થી ૪૫ વર્ષના ભાઈઓ માટે જેમાં CCTV Camera, Photography and videography, Computer Accounting નિઃશુલ્ક તાલીમ પૂરી પાડવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમ ટુક સમયમાં શરૂ થવાની હોવાથી રજીસ્ટ્રેશન પણ શરૂ કરવામા આવ્યા છે અને જે કોઈ ઇચ્છુક ઉમેદવારે લુણાવાડા ખાતે ચાર કોસીયા નાકા, મોડાસા રોડ પર સંસ્થાનો સમ્પર્ક કરવો. તેમ સંસ્થાના નિયામક વિશાલ અગ્રવાલે જણાવ્યું હતું.

## મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરના હસ્તે કડાણા ખાતેથી કળશ યાત્રાનો પ્રારંભ



કડાણા,
લોકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ સુદ્રઢ બનાવવા અને રાષ્ટ્રની રક્ષા કાજે પ્રાણ ન્યોછાવર કરનાર વીરોના બલિદાનોને ગૌરવાન્વિત કરવા હેતુ મહીસાગર જીલ્લાના કડાણા ખાતેથી આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોરનાં હસ્તે કળશયાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

મંત્રી કુબેરભાઈ ડિંડોરએ માતૃભૂમિને વંદન કરી જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં માતૃભૂમિના વીરોને વંદન અને નમન અર્પણ કરવા હેતુ "મારી માટી મારો દેશ" અભિયાન કાર્યાન્વિત કરવામાં આવ્યું છે. આઝાદીના અમૃત મહોત્સવ સમયે લોકોમાં રાષ્ટ્રભાવના જગાડી તમામ સમાજના લોકોને બંધુત્વની ભાવનાઓથી જોડવાનું કામ આ અભિયાન દ્વારા કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ કળશની કડાણા માટી સાથે અહીંના નાગરિકોની વસુધૈવ કુટુમ્બકમની ભાવના પણ આગામી દિવસોમાં દિલ્હી ખાતે એકત્ર થશે તેવી અભ્યર્થના મંત્રીએ વ્યક્ત કરી હતી.

મંત્રીએ કડાણા ખાતે માટીના કળશને આવકારી નાગરિકોના હસ્તે અર્પિત માટી લઈ કળશ યાત્રા કરી હતી. આ યાત્રામાં કડાણા તાલુકા વિકાસ અધિકારી, સહિત ગ્રામજનો જોડાયા હતા.

## આપ સાંસદને દિલ્હી હાઈકોર્ટમાંથી રાહત, નિર્ણય ન આવે ત્યાં સુધી રાઘવ ચઢ્ઢા સરકારી બંગલામાં રહી શકશે

અમદાવાદ,
આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને દિલ્હી હાઈકોર્ટમાંથી રાહત મળી છે. સરકારી બંગલાની ફાળવણી સંબંધિત અરજી પર ચુકાદો આપતાં હાઈકોર્ટે સાંસદ રાઘવ ચઢ્ઢાની અપીલ સ્વીકારી લીધી છે. ચડ્ઢાએ ત્રણ દિવસમાં નીચલી કોર્ટ સમક્ષ હાજર થવું પડશે. ચઢ્ઢાએ અહીં નીચલી અદાલતના ૫ ઓક્ટોબરના આદેશને પડકાર્યો હતો. કોર્ટે રાજ્યસભા સચિવાલયને રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાને તેમને ફાળવવામાં આવેલા સરકારી બંગલામાંથી બહાર કાઢવા પર રોક લગાવતા વચગાળાના આદેશને રદ કર્યો હતો. અરજી પર બે દિવસ સુધી સતત સુનાવણી કર્યા બાદ જસ્ટિસ અનુપ જયરામ ભંભાણીએ ૧૨ ઓક્ટોબરે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. દરમિયાન, હાઈકોર્ટે રાજ્યસભા સચિવાલયના વકીલને મૌખિક રીતે કહ્યું કે જ્યાં સુધી હાઈકોર્ટનો નિર્ણય ન આવે ત્યાં સુધી આ મામલે કોઈ કાર્યવાહી કરવામાં ન આવે. ટ્રાયલ કોર્ટે તેના ૫ ઓક્ટોબરના આદેશમાં કહ્યું હતું કે ચડ્ડા એવો દાવો કરી શકતા નથી કે ફાળવણી રદ થયા પછી પણ તેમને રાજ્યસભાના સાંસદ તરીકેના તેમના સમગ્ર કાર્યકાળ દરમિયાન સરકારી બંગલો રાખવાનો અધિકાર છે. રાઘવ ચઢ્ઢાની અરજીને અંતિમ સ્વરૂપ આપવામાં ન આવે ત્યાં સુધી તેઓ તેમના હાલના સરકારી બંગલામાં રહેવાનું ચાલુ રાખી શકશે. હાઈકોર્ટે નીચલી અદાલતના ૧૮ એપ્રિલના આદેશને પુનઃજીવિત કર્યો છે જેણે ઘર ખાલી કરવાની કાર્યવાહી પર રોક લગાવી હતી. આ રાહત તેમની બીજી અરજીના નિકાલ સુધી ચાલુ રહેશે.

## બાલાસિનોર ખાતે માતૃ સંસ્થા દ્વારા વિશ્વ અન્ન દિવસની ઉજવણી કરાઈ



તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસીનોર,
બાલાસિનોર માતૃસંસ્થા દ્વારા વિશ્વ અન્ન દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં તાલુકાની મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી. જેમાં આ પ્રસંગે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ કિરીટસિંહ ઝાલા તેમજ રાહુલસિંહ ઝાલા સરપંચ સલિયાવડી, મેહુલસિંહ ચૌહાણ ઉપપ્રમુખ ઠાકોર સેના બાલાસિનોર તાલુકા હાડીયા સરપંચ જયેશભાઈ તેમજ અમદાવાદ થી ખાસ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રૂકશાનાબેન તેમજ જાકિરભાઈ તથા માતૃસંસ્થાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો અને વિશ્વ અન્ન દિવસ નિમિત્તે માહિતી પૂરી પાડવામાં આવી.

## મહિસાગરમાં ખેતીવાડી યોજનામાં ઓછી સબસીડીની ચુકવણી થઈ હોવાના આક્ષેપ

બાલાસિનોર,
મહિસાગર જિલ્લા પંચાયત અંતર્ગત જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા આઈ ખેડુત પોર્ટલ પર ઓનલાઈન ખેડુતોએ અરજી બાદ જિલ્લા પંચાયત ખેતીવાડી વિભાગ દ્વારા હુકમ ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત રાજય સહિત મહિસાગર જિલ્લામાં ટ્રેક્ટર સંચાલિત ચાફ કટ્ટર માટે સામાન્ય વર્ગના ખેડુતો માટે ખરીદીના મુળ રકમના ૪૦ ટકા અથવા ૮૦ હજાર બેમાંથી જે ઓછુ હોય તે તેમજ અનુ.જાતિ/જન.જાતિના સિવાયના સામાન્ય વર્ગના નાના સિમાંત મહિલા ખેડુતો માટે ૫૦ ટકા અથવા ૧ લાખ સબસિડી ચુકવવા માટે જણાવવામાં આવ્યુ હતુ. પરંતુ મહિસાગર જિલ્લા પંચાયત અંતર્ગત ખેતીવાડી વિભાગે માત્ર ટ્રેકટર સંચાલિત ચાફ કટ્ટર પેટે રૂ.૨૮ હજાર સબસિડી રકમ પેટે લાભાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવતા ખેડુતોમાં ઓનલાઈન અરજીમાં જણાવ્યા પ્રમાણે સબસિડી ન ચુકવતા ગુજરાત સરકાર દ્વારા ખેડુતોએ અપાતા લાભોની વાત માત્ર કાગળ પર હોવાની સાબિત થતાં પશુપાલકો અને ખેડુતોમાં રોષ જોવા મળ્યો છે.

## પ્રવાસીઓ માટે ખુલ્લુ મૂકાયું ગીરનું જંગલ, ડિસેમ્બર સુધી બુકિંગ ફુલ

જુનાગઢ,
ગીરના જંગલમાં સિંહદર્શન માટે જવા ઈચ્છતા લોકો માટે સારા સમાચાર છે. સિંહોના વેકેશન પછી ફરીવાર સિંહ દર્શન શરૂ થઈ ગયું છે. પ્રથમ દિવસે પ્રવાસીઓમાં સિંહ દર્શન માટે અનોખો ઉત્સાહ જોવા મળ્યો. ચાર મહિના પછી ફરીવાર સિંહ દર્શન શરૂ થતાં ના માત્ર ગુજરાતના પણ દેશના ખુણે ખુણેથી પ્રવાસીઓ ઉમટ્યા. વન અધિકારીએ વિધિવત પ્રવાસીઓની જીપ્સીને લીલી ઝંડી આપીને સિંહ દર્શનની શરૂઆત કરાવી. જંગલમાંથી સિંહ દર્શન કરીને પરત ફરેલા પ્રવાસીઓએ તેમનો અનેરો અનુભવ જણાવ્યો. આજથી જુનાગઢ જિલ્લાના સાસણ ગીર જંગલમાં સાવજનું વેકેશન પૂર્ણ થયું. જે અંતર્ગત હવે પ્રવાસીઓ ફરી સિંહ દર્શનની મજા માણી શકશે. આજે અહીં પ્રવાસીઓમાં સિંહ દર્શનને લઈને ભારે ઉમંગ, ઉલ્લાસ અને ઉત્સુકતા જોવા મળી હતી. ચાર મહિના બાદ આજે ફરી સિંહ પ્રેમીઓ માટે સિંહ દર્શન શરુ થયું હતું. ન માત્ર ગુજરાત પરંતુ દેશના ખૂણે ખૂણેથી અહીં સિંહ પ્રેમીઓ ઉમટી પડ્યા હતા. વન અધિકારી દ્વારા વિધિવત રીતે પ્રવાસીઓની જીપ્સીને લીલી ઝંડી અપાઈ હતી અને પ્રવાસીઓને સાસણગીર જંગલમાં સિંહ દર્શન અર્થે પ્રવેશ અપાયો હતો. મહત્વનું છે કે સાસણ ગીર જંગલમાં સિંહ દર્શનની સાથે સાથે પ્રવાસીઓને હરણ સહિતના અન્ય વન્ય જીવો અને પ્રકૃતિની મજા માણવાનો પણ લ્હાવો મળતો હોય છે. જંગલમાંથી સિંહ દર્શન કરીને પરત ફરેલા પ્રવાસીઓએ તેમનો અનેરો અનુભવ રહ્યો હોવાનું જણાવ્યું હતું. આ તકે વન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે હાલ સિંહ દર્શનને લઈને ડિસેમ્બર સુધી ઓનલાઈન માધ્યમથી તમામ બુકિંગ ફુલ થઈ ગયુ છે. ચોમાસામાં ભારે અને પૂરતા વરસાદના કારણે નદી-નાળા ઝરણાઓ છલકાઈ ઉઠ્યા છે, જેના કારણે પ્રકૃતિ સોળે કળાએ ખીલી જોવા મળશે. આ વર્ષે ગીરમાં સારો વરસાદ વરસ્યો છે, જેથી અંદર જનાર ટુરિસ્ટ્સને જંગલની ફીલ સરસ રીતે અનુભવાશે.એશિયાઈ સિંહો માટે દુનિયાભરમાં વિખ્યાત એવું ગીરનું જંગલ ચાર મહિના માટે બંધ કરી દેવાય છે. ૧૫ જૂન થી લઈને ૧૬ ઓક્ટોબર સુધી વનરાજો માટે વેકેશન જાહેર કરાય છે. ચોમાસાની ઋતુ શરુ થાની સાથે જ ગીરનું જંગલ દર વર્ષે બંધ કરી દેવામાં આવે છે. કારણ કે જંગલના રાજા સિંહ અને બીજા ઘણા પ્રાણીઓ માટે સંવનન કાળ શરૂ થયો હોવાથી, તેમને કોઈ ખલેલ ના પહોંચે તે માટે વન વિભાગ દ્વારા પ્રવાસીઓ માટે ગીરના દરવાજા બંધ કરી દેવાય છે.તો બીજી તરફ, ચોમાસાની ઋતુમાં વન વિભાગની કામગીરી વધી જાય છે. કારણ કે, ઈન્ફાઈટના કારણે સિંહો અને અન્ય પ્રાણીઓ ઘાયલ થતા હોય છે. ત્યારે વરસતા વરસાદમાં પણ તેઓને રેસ્ક્યુ કરી બચાવ કામગીરી થાય છે. ચોમાસાના ચાર મહિનામાં વરસાદને કારણે જંગલના રસ્તા બિસ્માર બની જાય છે. તેથી ભારે વરસાદમાં રસ્તાઓને રીપેર કરવા જેવા પડકારો આ ચાર મહિના દરમિયાન કરવા પડે છે. જેથી વેકેશન ખૂલે એટલે મુસાફરોને કોઈ તકલીફ ન થાય.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

**મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર પંથક સહિત વડદલા ઘંટીયાળા સીમલીયા સહિતના ગામોમાં હાલ એક બાજુ નવરાત્રીનો માહોલ ચાલી રહ્યો છે. ત્યારે વાતાવરણમાં પણ પલટો જોવા મળી રહ્યો છે. ત્યારે ખેડૂતો ડાંગરની કાપણીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે.**

## લુણાવાડામાં ઉંદરા ચોકડી પાસે બસની અડફેટે બાઈક સવાર મહિલાનું મોત

લુણાવાડા,
લુણાવાડાના ઉંદરા ચોકડી પાસે પુરપાટ આવતી બસનો બાઈક સાથે અકસ્માત સર્જાતા બાઈક સવાર મહિલા પર બસના તોતિંગ પૈડા ફરી વળતા મહિલાનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે બાઈક ચાલકને ઈજાઓ પહોંચી હતી.

લુણાવાડા તાલુકાના લુણાવાડા ધોળીડુંગરી હાઈવે માર્ગ પર ઉંદરા ચોકડી પાસે માણસાથી ઝાલોદ જતી એસ.ટી.બસના ચાલકે પોતાના કબ્જાની બસ પુરપાટ હંકારીને બાઈકને ટકકર મારતા બાઈક પર સવાર મહિલા અને ચાલક રોડ પર પટકાયા હતા. બસના તોતિંગ પૈડા મહિલા પર ફરી વળતા મહિલાનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે બાઈક ચાલકને ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં મૃત પામેલ મહિલા વિરપુર તાલુકાના નુરપુર અલુજીની વાવ ગામની દક્ષાબેન પરમાર હોવાનુ જાણવા મળ્યુ હતુ. ઘટના સંદર્ભે એસ.ટી.ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધાવવા પામ્યો હતો.

## આપની આજ.......

મેષ : કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

વૃષભ : કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

મિથુન : ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્ક : આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

સિંહ : ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા : આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે.

તુલા : આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિક : આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધનુ : ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

મકર : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

કુંભ : દિવસભર વ્યસ્તતા રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

મીન : આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ઘસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


### દાહોદ નગરપાલિકાની સામાન્ય સભામાં

# શાબ્દિક ટપા ટપી અને એજન્ડાઓના વિરોધમાં પક્ષના અંદરો અંદરનો ઉકળતો ચરૂ બહાર આવ્યો

- દાહોદ નગરપાલિકાની સામાન્ય સભામાં ભારે ગરમા ગરમી વચ્ચે ૪૧ એજન્ડાઓને બહાલી અપાઈ.
- અમે પ્રી-બોર્ડને માનતા નથી નગરપાલિકા અધિનિયમ અંતર્ગત બોર્ડ ચાલશેઃરાજેશ સહેતાઈ.
- જનતા પીસાઈ રહી છે તમામ મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા થવી જોઈએ : પૂર્વ પ્રમુખ રીનાબેન પંચાલ.
- પાલિકાના દંડકે પૂર્વ પ્રમુખને તેમનો કાર્યકાળ યાદ અપાવી રોકડું પરખાવ્યું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ નગરપાલિકાના નવા નીમાયેલા પાલિકા પ્રમુખ નીરજ ગોપી દેસાઈની અદયક્ષતામાં યોજાયેલી પ્રથમ ત્રિમાસિક સામાન્ય સભામાં ૪૧ જેટલા એજન્ડાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં પક્ષનો વિરોધ અને અંદરો અંદરનો ઉકળતો ચરૂ હોબાળા સ્વરૂપે બહાર આવવા પામ્યો હતો. છેલ્લા અઢી વર્ષના કાર્યકાળ દરમિયાન એજન્ડામાં લીધેલા કામો અને આજરોજ બોર્ડમાં રજૂ થયેલા એજન્ડાઓનો મુદ્દાસર ખુલાસો કરવા માટે પાલિકાના બંને માજી પ્રમુખ દ્વારા વર્તમાન પ્રમુખ સમક્ષ ઉગ્ર સ્વરૂપે રજૂઆતો કરી હતી, તો સાથે સાથે ચીફ ઓફિસર અને બંને માજી પ્રમુખ વચ્ચે શાબ્દિક ટપા ટપીના દ્રશ્યો પણ સર્જાયા હતા. એટલું જ નહીં ગઈકાલે પાલિકાની પ્રી–બોર્ડ સમયે ગેરહાજર રહેલા પૂર્વ પ્રમુખ દ્વારા આજે સામાન્ય સભામાં એજન્ડાઓની વિસ્તૃત રીતે ચર્ચા કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો તો સામાન્ય સભામાં હાજર પદાધિકારી દ્વારા પૂર્વ પ્રમુખના કાર્યકાળ દરમિયાન યોજાયેલી સામાન્ય સભામાં મુદ્દાઓને લઈ શાબ્દિક ટપાટપી જોવા મળી હતી. લગભગ દોઢ કલાક ચાલેલી સામાન્ય સભામાં ૪૧ જેટલા મુદ્દાઓને મંજૂર કરવામાં આવ્યા હતા તો સાથે સાથે કારોબારી ચેરમેનના સદસ્યો તેમજ બાંધકામ સમિતિના ચેરમેન સદસ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

દાહોદ નગરપાલિકાની પ્રથમ અઢી વર્ષની મુદત પૂર્ણ થતા આગામી અઢી વર્ષની મુદ્દત માટે પ્રમુખ ગોપીભાઈ દેસાઈ તેમજ અન્ય હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. જે બાદ નગરપાલિકાના સભાખંડમાં પ્રમુખની અધ્યક્ષતામાં પ્રથમ ત્રિમાસિક સામાન્ય સભા યોજાઈ હતી. આ પૂર્વે ગઈ કાલે પાલિકાની પ્રિબોર્ડની મિટિંગ યોજાઈ હતી. જેમાં પૂર્વ પ્રમુખ રીનાબેન પંચાલને બાદ કરતા ચૂંટાયેલા સુધરાઈ સભ્યો હાજર રહ્યા હતા. જે પ્રી બોર્ડમાં તમામ મુદ્દાઓને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જે બાદ આજ રોજ પાલિકાના સભાખંડમાં યોજાયેલી સામાન્ય સભાના શરૂઆતમાં જ પૂર્વ પ્રમુખ રીનાબેન પંચાલ દ્વારા જણાવવાનું હતું કે હું ફ્રી બોર્ડમાં હાજર ન હોવાથી ચર્ચા કરવામાં આજે તમામ એજન્ડાઓની વિસ્તૃત રીતે ચર્ચાઓ કરવામાં આવે તેમજ ગત સામાન્ય સભાના એજન્ડાઓ બાબતે શું કામગીરી કરી તે અંગે ખુલાસો માંગતા પાલિકા પ્રમુખ દંડક સહિત જનપ્રતિનિધિઓ વચ્ચે શાબ્દિક ટપાટપી અને ઉગ્ર સ્વરૂપે એજન્ડાઓને લઈ વિરોધ થતા ગરમા ગરમીના દ્રશ્યો સર્જાયા હતા. લગભગ દોઢ કલાક ચાલેલી સામાન્ય સભામાં ૪૧ જેટલા મુદ્દાઓને બહાલી આપવામાં આવી હતી.

### પૂર્વ પાલિકા પ્રમુખે સામાન્ય સભામાં એજન્ડામાં સામેલ મુદ્દાઓને લઈ ભારે વિરોધ નોંધાવતા-વર્તમાન દંડકે પૂર્વ મહિલા પ્રમુખને પોતાનો કાર્યકાળ યાદ કરાવ્યો

નગરપાલિકાની સામાન્ય સભામાં પૂર્વ નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલે ગત સામાન્ય સભામાં લેવાયેલા એજન્ડાઓ અંગે શું કામગીરી કરી તે અંગે ખુલાસો માંગ્યો હતો. તેમજ દરેક પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા થવી જોઈએ તે માટે પાલિકા સત્તાધીશોને રોકડું સંભળાવ્યું હતું. શહેરમાં ગટર અને રસ્તા મામલે પાલિકાના સત્તાધીસો સામે સવાલો કર્યા હતા. જે દરમિયાન પાલીકાના દંડક અહેમદ ચાંદે પૂર્વ નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલને તેમનો કાર્યકાળ યાદ કરાવી જણાવ્યું હતું કે, તમારા કાર્યકાળમાં ચૂંટાયેલા સભ્યોને વિશ્વાસમાં લીધા વગર અને એજન્ડાઓની જાણ કર્યા વગર ૫ મિનિટમાં ટેબલ ઠોકીને તમામ મુદ્દાઓને મંજુર કરી દેવાતા હતા અને આજે તમે વિસ્તૃત ચર્ચા કરવા માટે ભાર મૂકી રહ્યા છો, તેમ કહી દંડકે રોકડું સંભળાવ્યું હતું.

### પૂર્વ પાલિકા પ્રમુખે પ્રિ-બોર્ડને માનતા નથી અમે નગરપાલિકા અધિનિયમ એક્ટ મુજબ ચાલીશું કહી સંગઠનની પ્રણાલીનો વિરોધ કર્યો

પાલીકાના પૂર્વ પ્રમુખ રાજેશ સહેતાઈએ સામાન્ય સભામાં કેટલાક મુદ્દાઓને લઈ સવાલો ઉભા કર્યા હતા. તેમજ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જેને અનુલક્ષીને પાલિકાના દંડક અહેમદ ચાંદે જણાવ્યું હતું કે, ગઈકાલે પ્રી-બોર્ડમાં તમામ મુદ્દાઓની ચર્ચા થઈ ગઈ હતી. જે બાદ રાજેશ સહેતાઈએ જણાવ્યું હતું કે પ્રી-બોર્ડ એક વ્યવસ્થા છે. બોર્ડનું સંચાલન નગરપાલિકા અધિનિયમ મુજબ ચાલવું જોઈએ તેમ જણાવી સંગઠનની પ્રણાલીનો જાહેરમાં વિરોધ નોંધાયો હતો. નિયમો અનુસાર પ્રી-બોર્ડ એ સંગઠનની પ્રણાલી છે. જેમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પ્રી-બોર્ડમાં હાજર રહી સામાન્ય સભામાં લેવાયેલા તમામ મુદ્દાઓની ચર્ચા કરી એકબીજાના સંકલનમાં રહી સામાન્ય સભામાં લેવાયેલા તમામ મુદ્દાઓને સર્વાનુમતે મંજુર કરી ૫ મિનિટમાં બોર્ડ પૂર્ણ કરી દેવાનો હોય છે, એટલે પૂર્વ પ્રમુખે સંગઠનની ગાઈડ લાઈન અને પ્રણાલીનો બીજી વખત વિરોધ કરી ગુજરાત મ્યુનિસિપલ અધિનિયમ અંતર્ગત બોર્ડ ચલાવવા માટે ભાર મૂક્યો હતો.

## દાહોદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતાં આદિવાસી વિદ્યાર્થી શિષ્યવૃતિ નહિ મળતા જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું



દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ ખાતે અભ્યાસ કરતાં આદિવાસી વિદ્યાર્થીઓને છેલ્લા બે વર્ષથી શિષ્ય વૃતિ ન મળતાં આજરોજ દાહોદ જીલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ સહિત વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોરના પુતળાનું દહન કરી વિરોધ નોંધાવ્યો હતો, તો બીજી તરફ આ વિરોધ પ્રદર્શનથી અજાણ પોલીસ તંત્ર સ્થળ પર જોવા ન મળતાં આશ્ચર્ય સર્જાયું હતું. વિદ્યાર્થીઓને તાત્કાલિક ધોરણે શિષ્યવૃતિ આપવામાં આવે નહીં તો આગામી દિવસોમાં ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની ચીમકી યુથ કોંગ્રેસ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

દાહોદ જીલ્લાના આદિવાસી વિદ્યાર્થીઓને છેલ્લા બે વર્ષથી શિષ્ય વૃતિ આપવામાં આવી ન હોવાના આક્ષેપો સાથે આજરોજ દાહોદ જીલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ, આગેવાનો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા દાહોદ શહેરમાં આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તમામે ભેગા મળી શિક્ષણ પ્રધામ કુબેર ડિંડોરના પુતળાનું દહન કરવામાં આવ્યું હતું અને ભારે વિરોધ નોંધાંવ્યો હતો. ત્યાર બાદ યુથ કોંગ્રેસના પ્રમુખ સહિત તેમના આગેવાનો કોલેજના આચાર્યની મુલાકાતે પહોંચ્યાં હતાં અને આ વિદ્યાર્થીઓની શિષ્ય વૃતિ મામલે રજુઆત કરવામાં આવી હતી. ત્યારે જાણવા મળ્યાં અનુસાર, કોલેજ દ્વારા સરકારને રજુઆત કરવામાં આવી છતાંય સરકાર દ્વારા ગ્રાંન્ટ ફાળવવામાં આવી નથી. યુથ કોંગ્રેસના પ્રમુખના જણાવ્યાં અનુસાર, દાહોદ જીલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે. જીલ્લાના આદિવાસી વિદ્યાર્થીઓ ગરીબ ઘરમાંથી આવે છે. જેથી તેઓને પોતાનું ભણતર માટે શિષ્યવૃતિની જરૂર પડતી હોય છે. ભાજપના મંત્રીઓ વિદ્યાર્થીઓના હિતમાં કોઈ પ્રકારની રજુઆત સાંભળતાં નથી. જેથી આદિવાસી વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમાં ધકેલાઈ રહ્યું છે. ૧૦ દિવસમાં વિદ્યાર્થીઓને શિષ્ય વૃતિ નહીં મળે તો આવનાર સમયમાં કોલેજને તાળા મારવામાં આવશે અને દાહોદ જીલ્લાની તમામ કોલેજોમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવશે અને જરૂર પડશે તો અમો જેલમાં પણ જવું પડે તો પણ અમે વિદ્યાર્થીઓ માટે લડત લડવા તૈયાર હોવાનું દાહોદ જીલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખે જણાવ્યું હતું.

### દાહોદમાં આમ આદમી પાર્ટીની યુવા અધિકાર યાત્રાનું આગમન

## આદિવાસી નેતા ચેતર વસાવા અને વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ સરકારની યોજનાઓનો વિરોધ કરી સરકારને ઘેર્યા



દાહોદ,

આમ આદમી પાર્ટી દ્વારા જ્ઞાન સહાયક યોજનાના વિરોધમાં ગુજરાતમાં નીકાળવામાં આવેલી યુવા અધિકાર યાત્રા યુવરાજસિંહ જાડેજા અને ખકઅ ચેતર વસાવાની આગેવાનીમાં દાહોદ આવી પહોંચી હતી અને શહેરના રાજમાર્ગો પર ફરી આ યુવા અધિકાર યાત્રાની પુર્ણાહુતી સ્વામી વિવેકાનંદ સર્કલ ઉપર થઈ હતી. ત્યાં આદિવાસી નેતા ચેતર વસાવા તેમજ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ જ્ઞાન સહાયક યોજના તેમજ શિક્ષકોના ઘટના મામલે મીડિયા સમક્ષ સરકારને ઘેરી હતી.

ગુજરાતમાં સરકારી સ્કૂલોમાં જ્ઞાન સહાયક યોજના અંતર્ગત કરાર આધારિત શિક્ષકો લેવાના વિરોધમાં આમ આદમી પાર્ટી દ્વારા યુવા અધિકાર યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચેતર વસાવા તેમજ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાના નેતૃત્વમાં યોજાયેલી આ યાત્રા દાહોદ જિલ્લામાં દેવગઢ બારીયા ખાતેથી પ્રવેશ કરી ગરબાડા આવી પહોંચી હતી અને ત્યાંથી દાહોદ શહેરમાં આવેલી યુવા અધિકાર યાત્રામાં ભાજપ તેમજ વડાપ્રધાન વિરોધી સૂત્રોચ્ચાર થયા હતા શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરેલી આ યાત્રા સ્વામી વિવેકાનંદ સર્કલ ખાતે પહોંચી હતી. જ્યાં સરકારની જ્ઞાન સહાયક યોજના તેમજ આદિવાસીઓના અધિકારોને છીનવતા હોવાના આક્ષેપો મૂકી ડેડીયાપાડાના MLA ચેતર વસાવાએ સરકારને ઘેરી હતી તો સાથે સાથે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર કે જેઓ દાહોદ જિલ્લાના પ્રભારી મંત્રી છે. તેઓને પણ ચેતર વસાવા અને યુવરાજસિંહ જાડેજાએ ઘેરી દાહોદ જિલ્લામાં ૧૦૨ શાળાઓમાં એક જ શિક્ષક હોવાને લઈને આદિવાસીઓના બાળકોને ભણતરથી વંચિત રાખવાના ભાજપ સામે આરોપો મુક્યા હતા.

## નેશનલ હાઈવે પર બન્યો હિટ એન્ડ રનનો બનાવ : ગરબાડાથી પાવાગઢ પગપાળા જતા સંઘને નડ્યો અકસ્માત



દાહોદ,

દાહોદ જીલ્લા ના ગરબાડા તાલુકાના નળવાઈ થી પાવાગઢ પગપાળા જતા એક ગૃપને રાત્રીના સમયે રોઝમ ખાતે અકસ્માત નડતા બે લોકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે આ માર્ગ અકસ્માતમાં એકને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગરબાડા તાલુકાના નળવાઈ ગામનો એક સંઘ પગપાળા પાવાગઢ જવા માટે માતાજીનો રથ લઈને નીકળ્યો હતો પરંતુ રસ્તામાં અકસ્માત નડતા બે લોકોના મૃત્યુ થયા છે. જ્યારે અન્ય એકને ગંભીર જાઓ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે જ્યારે માતાજીના રથ ને પણ નુકસાન થયું છે. જેમાં ગરબાડા તાલુકાના નળવાઈ ગામનો એક ૨૫ થી ૩૦ લોકોનો સંઘ તારીખ ૧૬ ના બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ પગપાળા પાવાગઢ માતાજીનો રથ લઈને જવા માટે વાયા ગરબાડા થી દાહોદ થઈને નીકળ્યો હતો. જે સંઘને રાત્રિના સમયે રોઝમ ખાતે અજાણ્ય વાહને ટક્કર મારતા અકસ્માત થયો હતો. જે અકસ્માતની ઘટનામાં નળવાઇ ગામના રતન કમજી મોહણીયા અને મુકેશ બદીયા સંગાડા બે લોકોના મૃત્યુ થયા હતા. જ્યારે અન્ય એકને ગંભીર ઈજાઓ થતા વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવેલ રસુલભાઈ ચંદુભાઈ વસુનીયાનું સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. જ્યારે માતાજીના રથને પણ નુકસાન થયું છે. ઘટનાની જાણ થતા પોલીસ પણ તાત્કાલિક અસરથી ઘટના સ્થળે આવી પહોંચી હતી. ઉલ્લેખનીએ છેકે, નળવાઈ ગામના પગપાળા પાવાગઢ જતા આ યુવાનો પાસે માતાજીનું રથ ન હોવાના કારણે તેઓ માતાજીનું રથ ભે ગામેથી લાવ્યા હતા.

## દાહોદ-ઝાલોદ હાઈવે પર અકસ્માતનો સિલસિલો યથાવત


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નજીક વરોડ ગામે હાઈવે પર અજાણ્યા વાહનની અડફેટે બાઈક સવાર ચાલકને શરીરે જીવલેણ ઈજાઓ પહોંચતા બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યુ હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઝાલોદ તાલુકામાંથી પસાર થતા ઝાલોદ–લીમડી હાઈવે પર અવારનવાર અકસ્માતો સર્જાતા આ હાઈવે ધીમે ધીમે અકસ્માત ઝોન તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે. ત્યારે આજે પણ આ હાઈવે ઉપર અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. જેમાં લીમડી નજીક વરોડ ગામે હાઈવે ઉપર એક બાઈક ચાલક પોતાના કબજા હેઠળની બાઈક લઈને ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. તે વેળાએ હાઈવે પરથી પૂર ઝડપે પસાર થતા અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલક બાઈક સાથે જમીન પર પટકાતા બાઈક ચાલકને માથામાં તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેના પગલે બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. ઉપરોક્ત બનાવની જાણ લીમડી પોલીસને થતા લીમડી પોલીસે ઘટના સ્થળે પહોંચી મરણ જનાર બાઈક ચાલકના મૃતદેહનો કબજો લઈ પીએમ અર્થે મોકલી અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ માર્ગ અકસ્માત અંગેનો ગુનો દાખલ કર્યો છે.

## દાહોદ ખાતે તા.૧૮ તથા ૧૯ ઓક્ટોમ્બરના રોજ મેગા મફત નેત્રયજ્ઞ-મોતીયાના ઓપરેશનનું આયોજન

દાહોદ,

દ્રષ્ટિ નેત્રાલય ચાકલીયા રોડ દાહોદ ખાતે ૧૮ બુધવાર તેમજ તા.૧૯ ગુરૂવારના રોજ સવારના ૯ થી ૧ સુધી મફત નેત્રયજ્ઞ મોતીયાના મફત નેત્રમણી સાથે ઓપરેશનનું આયોજન દ્રષ્ટિ નેત્રાલય ચાકલીયા રોડ દાહોદ કરવામાં આવેલ છે. આપણી આંખ એ ઈશ્વરે આપેલી અમુલ્ય ભેટ છે અને તેનું જતન કરવુંએ આપણી સૌની પવિત્ર ફરજ છે. તેનું જતન ન કરવાથી દુનિયામાં કરોડો લોકો અંધત્વનો ભોગ બની જાય છે. પરંતુ તેની નિયમિત પણે ચકાસણી તેમજ સારવાર કરાવવાથી આપણે એ અંધત્વને આવતું રોકી શકીએ છીએ. એ માટે જ દાહોદ અને તેની આસપાસના આ આદિજાતી વિસ્તારમાં રહેતા ગરીબ આદિવાસી લોકો એક સામાન્ય ઓપરેશનના અભાવે પોતાની દ્રષ્ટિ ગુમાવી બેસે છે અને દ્રષ્ટિ નેત્રાલયે આ સમગ્ર વિસ્તારને સંપૂર્ણ અંધત્વ રહિત પ્રદેશબનાવવાનું સ્વપન સેવ્યું છે. તે માટે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા તથા સમાજ થી ઉપેક્ષિત, તિરસ્કૃત થયેલા અને કચડાયેલા આદિવાસી લોકો સુધી પહોંચવા માટે પણ દ્રષ્ટિ નેત્રાલયે પ્રયત્ન આદર્યો છે. આ નેત્રયજ્ઞમાં આંખને સબંધિત દરેક બિમારી જેવી કે ઓછું દેખાવું, ના દેખાય પાણી આવે, ઝાંખ પડે, રાત્રે દેખાય, આંખો ચોટી જાય, બબ્બે દેખાય, આંખો આવી જાય, મોતિયા, ઝામર, ત્રાંસી આંખ, પડદા, પરવાળા, બાળ મોતિયા, આળસું આંખ, નાની મોટી આંખ, પાપણ પડેલી રહેવી, આંખની આજુ બાજુ ગાંઠ હોવી, બાળ મોતિયા, ત્રાંસી આંખ, નાની મોટી આંખ વિગેરે બિમારીની દવા તપાસ અને સારવાર મફત કરવામાં આવશે અને મોતિયાનું ઓપરેશન નેત્રમણી આરોપણ સાથે મફત કરી આપવામાં આવશે. તપાસ કરવા આવનાર દર્દીઓએ એક સગાને તેમજ રાશનકાર્ડ આધાર કાર્ડની ઝરોક્ષ સાથે લાવવા વિનંતી કરવામાં આવે છે. દાહોદ શહેર અને તેની આસ પાસના ગામડાની સમગ્ર જાહેર જનતાએ લાભ લેવા માટે દ્રષ્ટિ નેત્રાલયના ડાયરેક્ટર ડો.શ્રેયા બહેન શાહ તરફ થી નમ્ર વિનંતી કરવામાં આવે છે.


સામુહિક આરોગ્ય કેન્દ્ર ધાનપુર ખાતે ધાનપુર તાલુકા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીની/શિક્ષકની શિક્ષિકાઓને આરોગ્ય વિષયક માહિતી જેવી કે આરોગ્ય કેન્દ્ર ખાતે આપવામાં આવતી સારવાર તેમજ ઓરલ હેલ્થ અવેરનેસ, Hiv adis એન્ડ Stiની તપાસ, લેબોરેટરી વિભાગમાં થતા લોહીની તપાસ, આખોના વિભાગમાં થતી આંખોની સારવાર, ડાયાલિસિસ વિભાગ, એક્સરે વિભાગ, પ્રસુતિ વિભાગ ની માહિતી આપવામાં આવી તેમજ શાળાના બાળકોને એનીમિયા લોહી તત્વની ઉણપના રોગો વિશે જાણકારી આપવામાં આવી.

## દે.બારીઆ મામલતદાર કચેરીમાં તુટેલ કમ્પાઉન્ડ વોલથી કર્મચારીઓમાં ભય

દે.બારીઆ,

દે.બારીઆ ખાતે મામલતદાર કચેરી નજીક બનાવવામાં આવેલ કમ્પાઉન્ડની દિવાલ ચોમાસુ સત્રના પ્રારંભમાં પહેલા વરસાદમાં ધસી પડી હતી. આ મામલતદાર કચેરીની આજુબાજુમાં કેટલાય ઝાડી–ઝાંખરા હોવાથી જંગલ જેવુ લાગી રહ્યુ છે. આ સ્થળ ડાંગરીયા ગામના જંગલ વિસ્તારથી ઘેરાયેલુ છે. આ જંગલમાં દિપડા, રીંછ જો વન્યપ્રાણીઓ વસવાટ કરે છે. આવા હિંસક વન્ય પ્રાણીઓ કદાચ તુટી પડેલી દિવાલ પસાર કરી રાત્રિના સમયે મામલતદાર કચેરીમાં આગળ–પાછળના ભાગે આવી અને છુપાઈ જાય અને કોઈક વ્યકિત ઉપર ઓચિંતો હુમલો કરે તો જીવલેણ સાબિત થઈ શકે છે. મામલતદાર કચેરીના પાછળના ભાગે પણ જંગલ જેવો માહોલ છે. આવી જગ્યાએ પ્રાણીઓ પોતાના ખોરાકની શોધમાં આવી જાય છે. સરકારના જવાબદાર તંત્ર દ્વારા તુટી પડેલી કમ્પાઉન્ડ દિવાલ વહેલી તકે સમારકામ થાય તે જરૂરી છે.

## ફતેપુરાના ધાણીખુટ ચોકડી પાસેથી પીકઅપમાં લઈ જવાતા ચાર પશુઓ બચાવાયા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસરથી ઝાલોદ તરફ જતા હાઈવે ઉપર ધાણીખુટ ચોકડી ઉપરથી પોલીસે પીકઅપ વાનમાં કતલખાને લઈ જવાતા ચાર પશુ સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. સુખસર થઈ ઝાલોદ તરફ જતા માર્ગ ઉપર પીકઅપ ડાલામાં પશુઓને કતલખાને લઈ જવાતી હોવાની બાતમી સુખસર પોલીસને મળતા ધાણીખુટ ચોકડી ઉપર વોચ ગોઠવી દરમિયાન બાતમીવાળી ગાડી આવી પહોંચતા તેને રોકીને તપાસ કરતા ચાર પશુઓને દોરડાં વડે ક્રુરતાપુર્વક બાંધલા મળી આવ્યા હતા. જેથી પોલીસે ચારેય પશુઓને અને પીકઅપ ગાડીને જપ્ત કરી ગાડીમાં સવાર જાવેદ મુસ્તાકભાઈ પટેલ તથા સાહીમભાઈ કાળુભાઈ મુલ્તાની(બને. રહે.સંતરામપુર બસ સ્ટેશન, કાદરી મસ્જિદ વિસ્તાર)ની અટકાયત કરી તેમની સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી.


અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દાહોદ દ્વારા ૧૨/૧૦/૨૦૨૩નાં રોજ નવજીવન આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓ પાસે થી ઓછી હાજરી અને એસાયમેન્ટનાં નામે ખોરી રીતે પૈસા લેતાં હોય જેનાં માટે ABVP દાહોદ દ્વારા કોલેજનાં પ્રિન્સીપાલને આવેદન આપવાં આવ્યું હતું. આવેદનમાં એમને ૫ દિવસનો સમય આપ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.49

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા શહેરના વિવિધ ગરબા ગ્રાઉન્ડમાં જામયો નવરાત્રીનો માહોલ







ગોધરા,

ધીરે ધીરે ગોધરા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી સોસાયટીઓ તથા મોટાપાયે આયોજીત મોતીબાગ,પોલીસ સ્ટેશન ગ્રાઉન્ડ, કુમકુમ, ચાંદની ચો, કાછીઆવાડના ગ્રાઉન્ડમાં નવરાત્રીનો રંગ અને રંગત જામતી જાય છે. યુવાવર્ગ અવનવા પોષાક અને સ્ટાઈલમાં સજજ બનીને કલાકો સુધી ગરબાની રમઝટ માણવા આતુર બનેલા જોવા મળે છે. બીજી તરફ શહેરમાં રાત્રી દરમિયાન વાહનોની અવરજવરથી માર્ગો ઉપર ટ્રાફિકના દ્રશ્યો જોવા મળે છે.

હિંદુ સમાજના અતિ પવિત્ર અને નવ-નવ દિવસ સુધી આસ્થાનું કેન્દ્ર ગણાતા નવરાત્રી પર્વને અનુલક્ષીને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ અને ઉમંગ હોય છે. ખાસ કરીને યુવાવર્ગ નવલી નવરાત્રીને માણવા માટે દિવસો પૂર્વે થનગનાટ અનુભવીને વિવિધ પોષાક સહિતની સામગ્રી ખરીદવા માટે સજજ બને છે. અને સળંગ નવ દિવસ સુધી મિત્ર મંડળો સાથે વિવિધ ગરબા ગ્રાઉન્ડમાં ગરબા રમીને આનંદ પ્રમોદ માણે છે. તે રીતે ગોધરા શહેરમાં પણ નવરાત્રીનો કેઝ જામેલ જોવા મળે છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ સોસાયટીઓ તથા અન્ય ખુલ્લા પાર્ટી પ્લોટમાં વિવિધ આયોજકો દ્વારા ગરબાની રંગતનું આયોજન કરીને એક-એકથી ચડિયાતા ગાયકોને નિમંત્રણ પાઠવીને યુવા વર્ગને આકર્ષવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ખાસ કરીને આજે ત્રીજા દિવસે ધીરેધીરે શહેરમાં નવરાત્રીનો રંગ જામતો જાય છે. ખાસ કરીને યુવાવર્ગ રાત્રીના મિત્ર મંડળો સાથે કાછીઆવાડ, બસ સ્ટેશન, બામરોલી રોડ, પેટ્રોલ પંપ વાવડી સહિતના વિસ્તારોમાં લાગેલા ખાણીપીણીના સ્ટોલ ઉપર વિવિધ ફરસાણોની જાયફત માણવા પહોંચી જાય છે અને કલાકો સુધી લોકટોળા જામેલા જોવા મળે છે. ખાસ કરીને આગામી અંતિમ પાંચ દિવસોની રાત્રી દરમિયાન નવરાત્રીનો ગોધરા શહેરમાં કઈંક અલગ જ માહોલ અને અંદાજ જોવા મળશે. જેમાં ખાસ કરીને મોતીબાગ,પોલીસ સ્ટેશન ગ્રાઉન્ડ, કુમકુમ, ચાંદની ચો, કાછીઆવાડ ખાતે મોટા આયોજન કરવામાં આવતાં ખેલેયો માટે એક આકર્ષણનું કેન્દ્ર બનેલા છે. ખાસ કરીને રાત્રીના ૧૨ થી ૧ કલાક દરમિયાન પોતપોતાની સોસાયટી તથા શેરી મહોલ્લામાં આયોજીત ગરબાની રમઝટ માણ્યા બાદ મોટા ગ્રાઉન્ડમાં પહોંચી જઈને ગરબાનો આનંદ માણતા જોવા મળે છે.

નવરાત્રિ સાંભળતા જ પગ આપમેળે થનગનાટ કરવા લાગે છે. નવરાત્રિ મહોત્સવની આમ તો સમગ્ર ભારતમાં ઉજવણી કરવામાં આવે છે, પરંતુ વાત નવરાત્રિની આવે અને તેમાં પણ ગોધરાના નવદુર્ગા સાથે જોડાયેલી હોય ત્યારે તેનો મોહાલ જ કંઈક અલગ હોય છે. પ્રત્યેક ગોધરા શહેરીજનોમાં નવરાત્રીનો એક અનોખો અને અનેરો જાદૂ છવાયેલો છે અને એટલા માટેજ ગોધરાના અમદાવાદ હાઈવે ઉપર આવેલા મોતીબાગ ખાતે નવદુર્ગા ગરબા મહોત્સવમાં નાના ભુલકાથી માંડીને મોટેરા ગરબે ઘૂમતા હોય છે.દરરોજ રાત્રે ગોધરા શહેરમાં ગરબા રસિકોમાં એક ઉમંગ અને ઉત્સાહ જોવા મળે છે. માતા આદ્યશક્તિની આરાધના કરતા-કરતા ગોધરા શહેરના મોતીબાગ ખાતે મોટી સંખ્યામાં લોકો એકઠાં થાય છે અને ઢોલના તાલે અને હેમંત ચૌહાણના સ્વરે વિવિધ પ્રકારના ગરબા ગવાય છે અને માત્ર ખેલૈયાઓ જ નહીં પરંતુ ગરબા નિહાળવા માટે આવતા દર્શકોમાં પણ એક અનોખો ઉમંગ અને ઉત્સાહ નવરાત્રિ દરમિયાન જોવા મળતો હોય છે. ગોધરા શહેરના મોતીબાગ ખાતે નવદુર્ગા ગરબા ગ્રાઉન્ડમાં ગરબાનું આયોજન કરવામાં આવે છે. તેમાં ટ્રેડિશનલ ડ્રેસ કોડ સાથે ખેલૈયાઓ ગરબા રમતા હોય છે. તેમની સાથે આવેલા લોકો અને અન્ય ગરબા પ્રેમીઓની ગરબા નિહાળવા માટેની વિશાળ ભીડ નવરાત્રી દરમિયાન જોવા મળતી હોય છે. ગોધરા શહેરમાં અમદાવાદ હાઈવે પાસે આવેલા મોતીબાગ ખાતે નવદુર્ગા નવરાત્રી મહોત્સવના બીજા દિવસે પણ ગોધરાના પ્રતિષ્ઠિત અગ્રણીઓ દ્વારા જગતજનની માં જગદંબાની આરતી ઉતારવામાં આવી હતી. જેમાં હેમંત ચૌહાણના સ્વરે આરતી ગાવામાં આવી હતી. જયારે નવદુર્ગા નવરાત્રીમાં ખેલૈયાઓની સાથે સાથે જે હેમંત ચૌહાણના ફ્રેન્ડ છે, તે હેમંત ચૌહાણ દ્વારા જે ગાવામાં આવતા ગરબાઓને સાંભળવા માટે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ વખત ગોધરા શહેરમાં ખેલૈયોની સંખ્યા કરતા પ્રેક્ષકોની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો.

## આંતરરાષ્ટ્રીય મિલેટ યરના ઉપક્રમે શેઠ પીટી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરા ખાતે યુનિવર્સિટી કક્ષાનો સેમિનાર યોજાયો




ગોધરા,

WHO ની ગાઈડલાઈન્સ પ્રમાણે હાલ સમગ્ર વિશ્વમાં અંદાજીત ૧૧૦ થી વધારે દેશોમાં આ વર્ષે જાડા ધાન્યો એટલે કે મિલેટ યર ઉજવવાનું નક્કી થયેલ છે. ઉપરાંત સરકારનો પોષણ માસ પણ ચાલી રહ્યો છે. જેના સંદર્ભે આજરોજ તારીખ ૧૭ ઓક્ટોબરના દિવસે ગોધરાની જાણીતી શેઠ પીટી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે ''જાડા ધાન્યના વાવેતરથી મહિલાઓ તેમજ યુવાનોનું સશક્તિકરણ'' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન થયું હતું. જેમાં છ થી વધારે કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પંચમહાલના સિનિયર સાઈન્ટીસ્ટ અને ડાયરેક્ટર ડો.કનક લતા મેડમે ખાસ યુવાનો અને મહિલાઓમાં જાડા ધાન્યોના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોતાની આગવી શૈલીમાં રામાયણ અને મહાભારતના ઉદાહરણથી વિદ્યાર્થીઓને ઘઉં ઓછા કરી અને પોતાના ડાયટમાં જાડા ધાન્યો જેવા કે બાજરો, જુવાર, બંટી, કોદરો વગેરેને સામેલ કરવા માટે આહવાન કર્યું હતું. તેમણે જાડા ધાન્યો અથવા તો તેમને ધાન્યો પણ ગણવામાં આવે છે, એવું જણાવીને દરેક ધાન્યનું વિદ્યાર્થીઓ પોતે ઓળખી શકેએ માટે પ્રદર્શન પણ ગોઠવ્યું હતું જેનો વિદ્યાર્થીઓએ અને સ્ટાફ મિત્રોએ લાભ લીધો હતો. બીજા સ્પીકર ડો. નિકુંજ મેવાડા કે જે સરકારી આયુર્વેદ હોસ્પિટલ વેજલપુર પંચમહાલ ખાતે પોતાની સેવા આપી રહ્યા છે. તેઓએ જણાવ્યું કે આયુર્વેદમાં પણ જાડા ધાન્યોનું ખૂબ જ મહત્વ છે. ઉપરાંત પોતાની જીવનશૈલી બદલવા અંગે પણ તેમણે વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોનું ધ્યાન દોર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે પોતાની હાજરીથી સૌને લાભાનવિત કર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ ડો હેમંત પ્રજાપતિ, સંસ્કાર ભારતીના અધ્યક્ષ ડો.કુમાર જૈમીની શાસ્ત્રી, યુનિવર્સિટીના NSS કોઓર્ડીનેટર મયંક શાહ, કોમર્સ કોલેજના ડો.અરૂણસિંહ સોલંકી, પંચશીલ કોલેજના આચાર્ય વિનોદભાઈ, કોલેજના આરસી વ્યાસ, જોગરાણા , કેતનભાઈ સાચલા, સુરેશભાઈ પટેલ, ધર્મેશભાઈ માનસિંગભાઈ વગેરે હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના પ્રિન્સિપાલ ડો. એમ.બી.પટેલે વિદ્યાર્થીઓને NSS કાર્યક્રમમાં વધુને વધુ ભાગ લેવા પ્રેરણા પૂરી પાડી હતી. ઓર્ગેનાઈઝિંગ સિક્રેટરી અને NSS P.O. ડો. રૂપેશ એન નાકરે સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કર્યું હતું. જ્યારે આભાર વિધિ સ્પોર્ટ્સ વિભાગના પી.ટી.આઈ અને NSS P.O. હંસાબેન ચૌહાણ એ કરી હતી.

ઉપરોક્ત પ્રેસ નોટ આપના ન્યુઝ પેપરમાં ફોટો વિડીયો સાથે આપવા નમ્ર વિનંતી છે. લગભગ અઢીસો થી વધારે વિદ્યાર્થીઓએ આ સેમિનારનો ભાગ લીધો હતો અને ખૂબ જ ઉપયોગી સેમીનાર હતો. આ પ્રેસનોટ આપના ન્યુઝ પેપર, youtube ચેનલ વગેરે પર દર્શાવવા નમ્ર નિવેદન છે.

## પંચમહાલ જીલ્લામાં વિવિધ સ્થળોએ નદી-તળાવ સહિત જાહેર સ્થળોની સામુહિક સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ



ગોધરા,

'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત રાજ્યકક્ષાએ નક્કી કરેલી વિવિધ પ્રવૃતિઓના ભાગરૂપે તા.૧૬ ઓક્ટોબર થી ૨૧ ઓક્ટોબર દરમ્યાન રાજયભરના શહેર અને ગ્રામ્ય વિસ્તારના તમામ મ્યુઝિયમ, હેરિટેજ બિલ્ડિંગ, પુરતત્વીય સાઈટ, મહાપુરૂષોની પ્રતિમા, નદી, તળાવ, પાણીના સ્ત્રોતો, સમુદ્ર કિનારાની સફાઈ વિશેષ 'સફાઈ અભિયાન' અંતર્ગત હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે પંચમહાલ જીલ્લામાં આજરોજ વિવિધ સ્થળોએ નદી-તળાવ, પાણીના સ્ત્રોતોની સામુહિક સફાઈ કરવામાં આવી હતી. તળાવ-નદી જેવા પાણીના સ્ત્રોતોની આસપાસ સફાઈ કરી ગ્રામજનોએ સ્વચ્છતાનો સંદેશ પાઠવ્યો હતો.

પંચમહાલ જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. જેમાં મોરવા હડફ તાલુકાના કડાદરા ગામે તળાવની સફાઈ સહિત જાહેર વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી. શહેરા તાલુકાના ખાડિયા ગામ ખાતે પણ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. શહેરા તાલુકાના વાઘજીપુર ગામે સામુહિક જગ્યાઓની સફાઈ કામગીરી કરવામાં આવી હતી. કાલોલ નગરપાલિકા વિસ્તારમાં પણ મહાપુરૂષોની પ્રતિમાની સફાઈ કરવામાં આવી હતી. જાંબુઘોડા તાલુકાના નાથપુરી ગામે જાહેર સ્થળોની સાફ સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છ ભારત મિશન અર્બન અને ગ્રામીણ થકી જીલ્લામાં અનેક સ્થળોએ ખાસ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

## કાલોલના ભુખી ગામેથી ૧.૬૬ લાખના ઈંગ્લીશ દારૂ સાથે એક ઝડપ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના ભુખી જુના ફળીયામાં રહેતા ઈસમે પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી કિંમત ૧,૬૬,૨૬૮/-રૂપીયાના ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડતી વેજલપુર પોલીસ.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ભુખી ગામે જુના ફળીયામાં રહેતા વિરેન્દ્ર ઉર્ફે ભુરીયો રણજીતસિંહ જાદવ એ ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવીને પોતાન રહેણાંક મકાનમાં સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂના કવાટરીયા તેમજ બીયર ટીન મળી નંગ-૧૬૧૩ કિંમત ૧,૬૬,૨૬૮/-રૂપીયાના દારૂના જથ્થા સાથે ભીમસિંહ છત્રસિંહ જાદવને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા-વડોદરા હાઈવે પોપટપુરા પાસે વાહન ડીવાઈડર ઉપર ચડાવી ચાલકે પોતાને ઈજાઓ પહોંચાડતા મોત

ગોધરા,

ગોધરા-વડોદરા હાઈવે રોડ પોપટપુરા ગામ પાસે ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી અજાણ્યા વાહનને પાછળથી અડફેટમાં વાહન ડીવાઈડર ઉપર ચડાવી પોતાને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા-વડોદરા હાઈવે રોડ પોપટપુરા ગામ પાસેથી પસાર થતાં વાહન નંબર જીજે.૦૬.બીટી.૪૬૬૭ના ચાલક રણજીત રાજકુમાર જાદવ ઉ.વ.૨૩ (રહે.શીવર, જી.ગઢવા, ઝારખંડ) એ ગફલતભરી રીતે વાહન હંકારી લાવી અજાણ્યા વાહન ચાને પાછળના ભાગે અડફેટમાં લઈ પોતાનું વાહન ડીવાઈડર ઉપરના ભાગે ચડાવી પોતાને ઈજાઓ પહોંચાડી સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા તાલુકા શિક્ષણ સમિતિ દ્વારા તાલુકાકક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજયું



શહેરા,

શહેરા તાલુકા શિક્ષણ સમિતિ દ્વારા તાલુકા કક્ષાનો ગણિત-વિજ્ઞાન પ્રદર્શન મોડલ સ્કૂલ ખાતે રાખવામાં આવ્યુ હતું. તાલુકાની વિવિધ બાવીસ કલસ્ટરમાંથી ૧૧૦ જેટલી વિવિધ ગણિત વિજ્ઞાનની કૃતિઓ રજૂ કરવા સાથે પ્રાથમિક શાળાઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ગણિત વિજ્ઞાન પ્રદર્શન નિહાળવા માટે આવ્યા હતા.

શહેરા તાલુકા બ્લોક કક્ષાનો ગણિત-વિજ્ઞાન પ્રદર્શન મોડલ સ્કૂલ ખાતે યોજાયું હતું. તાલુકાની વિવિધ બાવીસ જેટલા ક્લસ્ટરમાંથી ૧૧૦ જેટલી ગણિત-વિજ્ઞાનની કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં ચંદ્રયાન અને લેન્ડર રોવરે સૌને ઉત્સાહિત કર્યા હતા. ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરેલી ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણને લગતી એક એક થી ચડિયાતી કુર્તીઓ પ્રદર્શન નિહાળવા માટે આજુબાજુની શાળાઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉમટી આવ્યા હતા.

આ કાર્યક્રમમાં તાલુકા શિક્ષક ઘટક સંઘ અને શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારો સહીત વિજ્ઞાન શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં તાલુકા શિક્ષણ પરીવાર દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવા દાન સ્વરૂપે શૈક્ષણિક કીટનું આયોજન કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ઝાલોદ કસ્બાની પરણિતાને પતિ અને સાસરીયાએ દહેજમાં ત્રણ લાખની માંગણી કરી ત્રાસ આપી ત્રીપલ તલાક આપી દેતાં ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોધાઈ

ગોધરા,

ઝાલોદ કસ્બા તળાવ રોડ ખાતે પરણિતા મુસ્લીમ રીવાજ પ્રમાણે લગ્ન થયેલ હોય તેના પતિએ દહેજમાં ૩ લાખ રૂપીયાની માંગણી કરી રૂપીયા કેમ લાવી નથી તેમ કહી શારીરિક માનસીક ત્રાસ આપી ત્રીપલ તલાક આપી આરોપીઓ એકબીજાને મદદગારી કરતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ આપી.

પ્રાપ્ત વિગતો મુજબ ઝાલોના કસ્બા તળાવ વિસ્તારમાં રહેતા મહેનાઝ લગ્ન યુફઝલ બેગ નૈયુમ બેગ મીરઝા સાથે મુસ્લીમ સમાજના રીતરિવાજ સાથે થયેલ હતા. પતિ મુફઝલબેગ નૈય બેગ મીરઝાએ દહેજમાં ૩ લાખ રૂપીયાની માંગણી કરી હતી. દહેજમાં રૂપીયા નહિ લાવતા અન્ય આરોપીઓ નૈયુમબેગ હકકી બેગ મીરઝા, નસીબબાનુ નૈયુમ બેગ હીકમબેગ મીરઝા, મુળ રશીદ બેગ મીરઝા એ ચઢામણી કરતા પતિ મુફઝલ બેગ મીરઝાએ પરણિતાને શારીરિક માનસીક ત્રાસ આપતા ત્રીપલ તલાક આપી દેતાં પરણિતા મહેનાઝ મુફઝલબેગ મીરઝાએ હાલ ગોધરા (કુબા મસ્જીદ પાસે રહેતા હોય તેમના દ્વારા ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે પતિ અને સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબાના ખડપા ગામે તમારા ભાગે વધારે જમીન આવી છે તેમ કહી આરોપીએ મારામારી કરી ઈજાઓ કરતાં ફરિયાદ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ખડપા જામન ફળીયુંમાં આરોપીઓ ફરિયાદી પાસે આવછી તમારા ભાગે વધારે જમીન આવેલ છે. તેમ કહી ગાળો બોલતા હોય ગાળો આપવાની ના પાડતા આરોપીઓએ મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ખડપા ગામે રહેતા ફતાભાઈ જમાભાઈ બારીયાના ઘરે આરોપીઓ અર્જુનભાઈ ચંન્દ્રાભાઈ બારીયા, ચંદાભાઈ જીતાભાઈ બારીયા, ઈન્દીરાબેન અર્જુનભાઈ બારીયા આવીને તમારા ભાગે વધારે જમીના આવી છે. અમારે ઓછી જમીન આવી છે. તેમ કહીને ગાળો આપતા હોય આરોપીને સળીયા વડે કપાળના ભાગે ઈજાઓ કરી છોડાવવા પડેલ લોકોને લાકડીથી અને ગડદાપાટુનો માર માર્યો હતો અને હવે જમીનનું નામ લીધું છે તા જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલથી પાવાગઢ સુધી યાત્રિકો માટે બનાવેલ પગપાળા પથ ઉપર અંધારપાટને લઈ યાત્રિકો પરેશાન

હાલોલ,

હાલોલ જયોતિ સર્કલથી લઈ પાવાગઢ માંચી સુધી ચાર માર્ગીય રોડ અને તેની બાજુમાં પગપાળા યાત્રિકો માટેનો પથ બનાવવામાં આવ્યો છે. અને હાલોલ જયોતિ સર્કલથી પાવાગઢ માંચી સુધી તેમજ ડુંગર પર રસ્તા ઉપર લાઈટ થાંભલા ઉભા કરવામાં આવ્યા છે. તે સ્ટ્રીટલાઈટો હાલોલથી પાવાગઢ વચ્ચે બંધ હાલતમાં છે.

પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે માતાજીના ભકતો વર્ષ દરમિયાન લાખોની સંખ્યામાં આવતા હોય છે. જેને લઈ રાજય સરકાર દ્વારા માતાજીના દર્શને આવતા પગપાળા યાત્રાળુઓને કોઈ તકલીફ ના પડે તે માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરી વિકાસના કામો કાર્ય છે. રોજબરોજ તો ઠીક હાલમાં ચાલી રહેલી આસો નવરાત્રીમાં પણ આ લાઈટો બંધ હાલતમાં હોવાના કારણે પગપાળા ચાલતા આવતા માઈ ભકતોને રાત્રિના સમયે પોતાના જોખમે અને મોબાઈલની લાઈટના સહારે પસાર થવાનો વારો આવ્યો છે. પાવાગઢ જંગલ વિસ્તાર હોવાથી રાત્રિના સમયે હિંસક પશુઓનો પણ ભય હોય છે જેને લઈ યાત્રિકો ભયના માહોલમાં આ વિસ્તારમાંથી પસાર થવુ પડે છે. યાત્રિકો માટે લાખો રૂપિયાના ખર્ચે કરેલી સુવિધા હાલમાં શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ છે.

## ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં પોલીસ કસ્ટડીમાં ૮૦ આરોપીના મોત થયા : કોંગ્રેસનો દાવો

અમદાવાદ,

ગુજરાતમાં 'માનવ અધિકારોનું' મોટાપાયે ઉલ્લંઘન અને સત્તાના દુરઉપયોગમાં રાચતી ભાજપ સરકારના શાસનમાં સતત વધી રહેલા કસ્ટોડીયલ ડેથ અંગે ગુજરાત લોં-કમીશનનો અહેવાલ પોલીસ તંત્રની અમાનવીય કામગીરીને ઉજાગર કરે છે ત્યારે ગૃહ વિભાગ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસે જણાવ્યું હતું કે ગુજરાતમાં સતત વધી રહેલા કસ્ટોડીયલ ડેથના કિસ્સાઓ ચિંતાનો વિષય છે. સભ્ય સમાજએ કાયદાના શાસનથી ચાલે છે. ગુજરાત લો-કમીશનના અહેવાલમાં સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યું છે કે, પોલીસ તંત્રની કામગીરી પર વારંવાર પ્રશ્નાર્થ ઉભો થાય છે કારણ કે પોલીસ કર્મચારીઓ બેફામ રીતે સત્તાનો દુરુપયોગ કરી રહ્યાં છે અને રક્ષકને બદલે ભક્ષકની કામગીરી કરી રહ્યાં છે.

કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ન્યાયતંત્રમાં વિશ્વાસ ટકી રહે તે માટે પણ તટસ્થ અને પારદર્શક તપાસ થવી જોઈએ. માનવ અધિકારનું સન્માન અને માનવ અધિકારના ઉલ્લંઘનને રોકવા માટે માનવ અધિકાર કાયદાનો કડક અમલ થવો જરૂરી છે. માનવ અધિકારનું સન્માન એ સુશાસનના કેન્દ્ર સ્થાને હોવું જોઈએ. લોકતંત્રમાં રાજ્ય સરકારની જવાબદારી બને છે કે માનવ અધિકારનું સંરક્ષણ અને માનવ અધિકારને પ્રોસાહીત કરવાનું કામ રાજ્ય સરકારની જવાબદારી છે. રાજ્ય સરકારે કસ્ટોડીયલ ડેથ રોકવા માટે પોલીસ તંત્રમાં સતત સુધારા પણ કરવા જોઈએ અને પોલીસ તંત્રને સંવેદનશીલ બનાવવું બંધારણીય જવાબદારી છે.

સુપ્રીમ કોર્ટના ૨૪ જુલાઈ ૨૦૧૫ના ચુકાદામાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટે આદેશ છતાં ગુજરાતમાં ૧૩૦ પોલીસ સ્ટેશનમાં આજદીન સુધી સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા નથી. સી.સી.ટી.વી. કેમેરા લગાવવાથી માનવ અધિકારના ઉલ્લંઘનને રોકી શકવામાં મદદ મળી શકે અને સત્તાધીશોને શિસ્ત જાળવવામાં મદદરૂપ થાય છે. સુપ્રીમકોર્ટના ચુકાદા પછી જો રાજ્ય સરકાર સી.સી.ટી.વી. કેમેરા લગાવ્યા હોત તો અનેક કિસ્સામાં કસ્ટોડીયલ ડેથ રોકી શકાયા હોત. ઘણાં કિસ્સામાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલા હોવા છતાં કાર્યરત નથી તે ઘણી ચિંતાનો વિષય છે.